Anoopam Mission

॥ સ્વામિશ્રીજી ॥

# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

જૂન ૨૦૨૫ * વર્ષ ૪૦ * અંક ૩



દર્શન તારીખ : ૨૪ મે, ૨૦૨૫
શ્રી યોગી જયંતી













































# રૂડા લાગો છો રાજેન્દ્ર મંદિર મારે બિરાજતા રે...

**'બ્રહ્મનિર્ઝર'નો** આ અંક એક વિશિષ્ટ અંક છે. ગયા મહિને મે માસ દરમિયાન પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીને રાજી કરવાની ભાવનાથી પરમ દિવ્ય અક્ષરમુક્ત પૂજ્ય પૂર્વાબહેન તથા ભારતની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર સ્થિત આપણા મંદિરજીની સેવામાં ભક્તિ અર્પણ કરતા સૌ સંતો-પૂજારીજીઓએ શ્રી ઠાકોરજી મહારાજને તેઓની જ પ્રેરણા અને કૃપાશિષથી અત્યંત સર્જનાત્મક વાઘાજીના શ્રૃંગાર અર્પણ કર્યા. સૌના ભાવ અને હૃદયની નીતરતી ભક્તિને સ્વીકારી આખા મે માસ દરમિયાન શ્રી ઠાકોરજી મહારાજે પણ આ સર્જનશીલ વાઘાના શ્રૃંગાર પ્રેમથી સ્વીકાર્યા અને અતિ મનોહર દર્શન આપ્યાં.

નિત્ય પ્રત્યે દેશ અને દુનિયામાં વસતા સૌ સંતો-ભક્તોએ જ્યારે મંગલ પ્રભાતે શણગાર આરતી દરમિયાન શ્રી ઠાકોરજી મહારાજના દિવ્ય ભક્તિસભર શ્રૃંગાર સાથે દર્શન પ્રાપ્ત કર્યાં, ત્યારે પરમ આનંદ સાથે પૂજ્ય પૂર્વાબહેન તથા સર્વ સંતો-પૂજારીજીઓ પ્રત્યે નતમસ્તકે ધન્યભાવ વ્યક્ત કર્યા. આ ભક્તિ સ્વયં પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીએ પણ સ્વીકારી અને પોતાના હૃદયની પ્રસન્નતા વરસાવી નિર્દેશ કર્યો કે, 'જૂન માસના 'બ્રહ્મનિર્ઝર'ના અંકમાં શ્રી ઠાકોરજી મહારાજે અત્યંત કલાત્મક વાઘાજી સ્વરૂપે અક્ષરમુક્તો તથા સંતોની જે ભક્તિને સ્વીકાર કરી છે તે દિવ્ય ભક્તિનાં સૌને દર્શન કરાવીએ અને આ દિવ્ય દર્શનને શાશ્વત કરીએ.' તદ્અનુસાર 'બ્રહ્મનિર્ઝર'નો આ વિશિષ્ટ દિવ્ય દર્શન અંક શ્રી ઠાકોરજી મહારાજ, પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજી તથા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વ સંતો-હરિભક્તોને હૃદયનાં ભાવવંદન સહ અર્પણ કરતાં પરમ આનંદની અનુભૂતિ થાય છે.

સા.શ્રે... ~ સાધુ મનોજદાસ



દર્શન તારીખ : ૧ મે, ૨૦૨૫

કાજુ, બદામ, અખરોટ, ઈલાયચીનો સજ્યો છે શણગાર,
ચિત્ત ચોરે, મન મોહે પ્રાણાધાર !



દર્શન તારીખ : ૩ મે, ૨૦૨૫

૧૫૦૦ નંગ કંઠીના વાઘાનાં દર્શન અતિ સુખકારી,
લગની લાગી દિન-રૈન કુંજવિહારી તમારી !




આભલાં, મોતી, તૂઈ ધારી મહારાજે,
રૂપ જોઈ કોટિક કામ લાજે !




જળકમળવત્ રહેવાના દે છે ઉપદેશ,
ધાર્યા શ્રીહરિએ કલાત્મક પરિવેશ !





મોગરાનાં ફૂલ સખી, મોગરાનાં ફૂલ,
શ્રીજીને પ્યારાં બહુ મોગરાનાં ફૂલ !





બાળ મન મનોહરે ધારણ કર્યા ચોકલેટના શણગાર,
સુંદર શોભતા રે ધર્મકુમાર !




ઈલાયચીની કોટી અને કંઠીની ધોતી,
જોતાં સ્નેહ ઉપજે અતિ !




જરદોશી ઝૂલ, આભલાં ભરપૂર,
અંગોઅંગમાં જાણે આનંદ અગણિત પૂર !



દર્શન તારીખ : ૧૩ મે, ૨૦૨૫

મણકાની સેર, મોતીડાંની માળ,
શ્રીજીએ સજ્યા અદ્‌ભુત શણગાર !



દર્શન તારીખ : ૧૪ મે, ૨૦૨૫

માળાના મણકે શ્રીજી શોભે, હૈડે હાર દિલડું વીંધે,
મારા રસિયા માણિગર માવાને જોઈ મનડું રીઝે !



દર્શન તારીખ : ૧૫ મે, ૨૦૨૫

સિક્કા ચલણના શોભે છે વાઘામાં,
ગુલતાન થયા શ્રીહરિ તારી છબી જોતાંમાં !



દર્શન તારીખ : ૧૬ મે, ૨૦૨૫

આભલડાં ભૂરાં હેમનાં રે, તમે પહેર્યાં પ્રીતમ પ્યારા;
નટવર રાખું નેણમાં રે, નિત મોહન જીવન મારા !



નાડાછડી અને કપૂરના વાઘા ઘણા મનોહર,
જોતાં ચિતડું ચોરે ધર્મકુંવર !



ચલણી નોટોના વાઘા કલાત્મક,
શોભે અતિ એકાંતિક ધર્મના સ્થાપક !



દર્શન તારીખ : ૧૯ મે, ૨૦૨૫

કુદરતી દશ્ય જે કલ્પ્યું વારંવાર,
સર્જક તેના સ્વયં આજે સજ્યા તે આકાર !



દર્શન તારીખ : ૨૦ મે, ૨૦૨૫

હંસ ચરે મોતીનો ચારો,
ભક્તને કેવળ ભગવાનનો આશરો !



દર્શન તારીખ : ૨૨ મે, ૨૦૨૫

મખાના, વરિયાળીના શણગાર થકી ભક્તનો પોકાર,
'હે પ્રભુ ! હું તારો, તું મારો', આ પ્રાર્થના સ્વીકાર !



દર્શન તારીખ : ૨૩ મે, ૨૦૨૫

સૂકી દ્રાક્ષના કલાત્મક વાઘા ધાર્યા શ્રીહરિએ,
સાહેબજી સંગ અષ્ટસખા શોભે છે તે માંહે !



દર્શન તારીખ : ૨૪ મે, ૨૦૨૫

અંગોઅંગ સજ્યા ચાંદીના અલંકાર, શોભે ભક્તિના ચમકાર,
ઘણી ખમ્મા શ્રી સહજાનંદજી મહારાજને ! ધાર્યા આજ રજત શણગાર !



દર્શન તારીખ : ૨૫ મે, ૨૦૨૫

પાંત્રીસ પ્રકારનાં અનાજ–કઠોળથી ભક્તે બનાવ્યા આ પરિવેશ,
હે હરિવર ! અમ વિચાર વાણી વર્તનમાં રહો સદા તવ પ્રવેશ !



દર્શન તારીખ : ૨૬ મે, ૨૦૨૫

મોરપીછ, આભલાંની તૂઈ દિલડું ઘેલું કરે,
દર્શન કરતાં મન મોર બની થનગાટ કરે !



દર્શન તારીખ : ૨૯ મે, ૨૦૨૫

માળાના શણગારે આજ શ્રી સ્વામિનારાયણ સજ્યા,
તે પ્રસાદીની માળા મેળવી, ભક્તોનાં હૈયાં તૃપ્ત થયાં !



દર્શન તારીખ : ૩૦ મે, ૨૦૨૫

નાગરવેલનાં પાન, સોપારીથી સજ્જ વાઘામાં દર્શન દે છે હરિરાય,
નીરખતા આ શોભા, સૌનાં હૈયાં પરિતૃપ્ત થાય !



દર્શન તારીખ : ૩૧ મે, ૨૦૨૫

વાઘામાં શોભે કમળ કળી અને પુષ્પની માળ,
મોહન તારી મૂર્તિ જોઈ ભૂલું છું તન ભાન !



દર્શન તારીખ : ૧ જૂન, ૨૦૨૫

ફૂલડાંની ફોર પતંગિયાનો ગુંજાર,
ધરીને મૂર્તિ જાણે આવ્યો રસ શ્રૃંગાર !




દર્શન તારીખ : ૨ જૂન, ૨૦૨૫

ચંદન ગોટી સંગ શોભે તિલકિયાં,
નિરખતાં ગાય મન પંખી ગીતડાં !



દર્શન તારીખ : ૩ જૂન, ૨૦૨૫

કાજુ, મરી, લવિંગની શોભા સ્મૃતિ કરાવે અપ્રતિમ,
વાઘામાં છલકે 'ગુરુઆજ્ઞા મંત્ર દીક્ષા દિન' !



દર્શન તારીખ : ૪ જૂન, ૨૦૨૫

સુખડના શણગાર અતિ પ્યારા,
મનડે વસે પ્રાણદુલારા !




દર્શન તારીખ : ૫ જૂન, ૨૦૨૫

મોતીથી રચ્યાં કલ્પવૃક્ષનાં જે પાન, ધારણ કર્યાં પ્રભુએ હેતે અપાર,
માંગો એ મળે, શોધો એ જડે; આશીર્વાદ દે છે દયાળ !



દર્શન તારીખ : ૬ જૂન, ૨૦૨૫

રજત-સુવર્ણના વાઘા અનુપમ,
ગંગા-જમનાનો જાણે સંગમ !

# ગુરુપૂર્ણિમાએ શ્રી ગુરુહરિનાં શ્રીચરણે અર્પણ પ્રાર્થનાપુષ્પ !





**મંદિર** બે પ્રકારનાં છે.
એક મંદિર જે પ્રાકૃતિક તત્ત્વોથી નિર્માણ પામે.
તેના ગર્ભગૃહમાં દિવ્ય મૂર્તિરૂપે સાક્ષાત્ પ્રભુ બિરાજમાન છે.
આ મંદિરમાં પ્રભુનો અખંડ નિવાસ છે,
પ્રભુની પ્રત્યક્ષતા છે !
આવાં મંદિર એ સ્થાવર મંદિર છે.

એક મંદિર એવું પણ છે જે પંચમહાભૂતનું બનેલું છે.
દેહ મનુષ્યનું હોય છે; પરંતુ,
જેની મનની વૃત્તિ અખંડ ભગવાનના સ્વરૂપમાં રહે છે,
જેના હૃદયમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહ્યા છે,
જેના અણુએ અણુમાં દિવ્યતાનો વ્યાપ છે,
એવું મનુષ્યશરીર કેવળ શરીર જ નથી; પરંતુ,
એ બ્રહ્મતનુમાં પરબ્રહ્મનું તત્ત્વ
સાકાર રૂપે મનુષ્યાકારે પ્રગટ રહે છે.
આવાં મંદિર તે જંગમ મંદિર છે.



જંગમ મંદિર તે ગુરુ છે, ગુરુહરિ છે !
જેમ સ્થાવર મંદિરમાં પ્રાર્થના થાય છે, પૂજા થાય છે,
ભૂલની કબૂલાત થાય છે, માફી મંગાય છે,
હૃદય દ્રવે છે, ભાવ ઊભરાય છે,
ગુણની યાચના થાય છે, અવગુણ મૂકવા આજીજી કરાય છે,
તેમ ગુરુરૂપ હરિ સન્મુખ પણ
ઉપરોક્ત સર્વ ભાવ, સર્વ પ્રાર્થના અર્પણ થાય છે !

સ્થાવર મંદિરમાં બિરાજમાન પ્રભુ
જેમ ભક્તના ભાવ, ભક્તિ અને પ્રાર્થના સ્વીકારે છે
તેમ જંગમ મંદિર રૂપ ગુરુ અને ગુરુહરિ પણ
સાચા હૃદયથી અર્પણ કરેલી સેવા, ભક્તિ અને પ્રાર્થના સ્વીકારે છે.
જંગમ મંદિર રૂપ ગુરુહરિની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત થાય
તો દોષ માત્ર તત્કાળ ટળી જાય.
આવી પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો સરળતમ્ માર્ગ છે
ગુરુની આજ્ઞાનાં યથાર્થ અને પ્રામાણિક પાલન !

આપણાં શાસ્ત્રોએ ગુરુને
ન કેવળ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર રૂપ કહ્યા છે; પરંતુ,
ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ રૂપ છે
તેમ કહી વંદન ધર્યાં છે !

ગુરુરૂપ હરિમાં પ્રગટ જે ભગવાનનાં તત્ત્વ તેના સાંગોપાંગ ધારક
એવા ગુરુની આજ્ઞા એ શિષ્યની આધ્યાત્મિક જીવનદોરી સમાન છે.
ગુરુની આજ્ઞા એ ઈષ્ટનું આચરણ છે, અનિષ્ટનો ત્યાગ છે.
ગુરુની આજ્ઞાનાં પાલનથી અંતરે શાંતિનો પ્રસાર છે,
સમગ્ર તંત્ર શાંત છે-પ્રશાંત છે,
કેવળ પ્રભુમાં તલ્લીનતા છે, મૂર્તિમાં જ વિરામ છે.



તેથી, અખંડ આનંદ છે,
સહજાનંદમાં સમર્પણ છે.
આપણને-પ્રગટના ઉપાસકોને સ્થાવર અને જંગમ
બંને મંદિરોમાં શ્રદ્ધા છે, ભક્તિ છે,
અને તેથી જ પરમ પ્રતિ
આપણી નિશ્ચિત અને નિશ્ચિંત ગતિ છે.
પગલે પગલે નિરાંત છે,
પ્રભુનો દિવ્ય સંગાથ છે.
પ્રભુને પામવાની તત્પરતા છે
પ્રભુમાં પૂર્ણ વિશ્વાસ છે.

આ વર્ષે અષાઢી પૂર્ણિમાની ગુરુપૂર્ણિમાએ
આપણાં હૃદયમાં આ ભાવ સ્થિર થાઓ,
સ્થાવર મંદિરજીમાં બિરાજમાન મૂર્તિરૂપ સાક્ષાત્ પ્રભુ
સાક્ષાત્ સાકાર મૂર્તિ રૂપે ગુરુહરિમાં પ્રગટ છે
તેનો નિર્વિકલ્પ નિશ્ચય આપણા અક્ષરરૂપ આત્મામાં
અવિચલ થાઓ.
ગુરુપૂર્ણિમાએ પ્રગટ ગુરુહરિ સાહેબજીનાં શ્રીચરણે
નતમસ્તકે આપણી વંદના સાથે
આ પ્રાર્થનારૂપી ગંગા અર્પણ છે !

~સા.મ... ~ સાધુ મનોજદાસ





સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા પ્રથમ ૭૧ : 'ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત વિરાજે છે'નું નિરૂપણ**
**૨૦ એપ્રિલ ૨૦૨૪, 'અક્ષરમહોલ', તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી**

**શ્રીજીમહારાજ બોલ્યા જે, 'હવે કીર્તન-ભક્તિની સમાપ્તિ કરીને માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરો.' પછી સોમલે ખાચરે પ્રશ્ન પૂછ્યો જે, 'ભગવાન પોતાના ભક્તના સર્વે અપરાધ માફ કરે છે, પણ એવો કયો અપરાધ છે જે ભગવાન માફ ન કરે ?'**

સરસ પ્રશ્ન પૂછ્યો. ભગવાન દયાળુ છે, અધમ ઉદ્ધારણ છે, પતિતપાવન છે, દયાના સાગર છે, કૃપાસિંધુ છે; કેટલાં બધાં વિશેષણો મહારાજને આપ્યાં છે ! અને મહારાજ એવા છે એટલે આવાં વિશેષણ આપ્યાં છે. આપણે ગમે એવા પાપી હોઈએ, અધમ હોઈએ, પણ ભગવાનને શરણે જઈએ, ભગવાન આગળ એકરાર કરીએ અને પ્રાર્થના કરીએ તો ભગવાન માફ કરી દે છે. સોમલા ખાચર-એક કાઠી દરબારે આ પ્રશ્ન કર્યો, 'ભગવાન સર્વ અપરાધ માફ કરે છે, પણ એવો કયો અપરાધ છે જે ભગવાન માફ નથી કરતા ?'

**ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'બીજા સર્વે અપરાધ ભગવાન માફ કરે છે, પણ ભગવાનના ભક્તનો દ્રોહ કરે એ અપરાધને ભગવાન માફ નથી કરતા, માટે ભગવાનના ભક્તનો કોઈ પ્રકારે દ્રોહ કરવો નહીં.'**

જોબન વડતાલો-ખૂનામરકી, ખાવા-પીવામાં બેફામ-બધી રીતે પૂરા હતા, પણ શ્રી સ્વામિનારાયણ ભગવાનના શરણાગત બન્યા અને પ્રભુને સમર્પિત થયા તો ભગવાને એમનું બધું માફ કરી દીધું. અને એમની અભીપ્સાથી, એમની લાગણીથી, એમના આગ્રહથી શ્રીજી મહારાજ શ્રી હરિકૃષ્ણ મહારાજ રૂપે વડતાલ ધામમાં અખંડ બિરાજમાન રહ્યા. બાકી, જોબનને કોઈ પેસવા પણ ના દે, એમની પાસે કોઈ ઊભુંય ના રહે એવા અપરાધી માણસ; પણ ભગવાને બધું માફ કરી અક્ષરધામના અધિકારી બનાવ્યા, સૌના પ્રિય બનાવ્યા.

ભગવાન કહે, 'આવા લોકોને હું માફ કરું છું, પણ મારા ભક્તોનો દ્રોહ કરે એ અપરાધને હું માફ કરતો નથી.' એટલે આપણે સત્સંગમાં ખાસ કાળજી એ રાખવાની કે, ભગવાન, સાધુ ને ભક્તનો દ્રોહ ના કરવો. દ્રોહ એટલે એમના અભાવ-અવગુણની વાતો કરવી, એમની ક્રિયાને વગોવવી એ દ્રોહ છે. જોયેલી વાત પણ જો ખોટી હોઈ શકે તો પછી સાંભળેલી વાત ક્યાંથી સાચી હોય ? તો સાંભળેલી, જોયેલી એવી વાતોનું વતેસર કરી ચાડીચુગલી કરે તો એ દ્રોહ કર્યો કહેવાય. ભગવાનના ભક્ત તો ગમે તેવા હોય પણ એમનાં ગુણગાન ને મહિમા જ ગાવાં અને સાંભળવાં; આ એક ઢબ પાડી દેવાની તો ભગવાન રાજી રાજી ને રાજી ! યોગીબાપા એટલે કહેતા કે, સો અવગુણ હોય પણ એનામાં એક ગુણ હોય તો એ એક ગુણ ઉપર ફોકસ કરીને જો ગુણ ગાયા કરશો તો તમારામાં રહેલા ૧૦૦ અવગુણ નીકળી જશે. લ્યો, અવગુણ ટાળવા માટે બીજો કોઈ પ્રયત્ન નહીં કરવાનો.

'વચનામૃત'માં ભગવાને એક જગ્યાએ કહ્યું કે, 'ઊર્ધ્વરેતા બ્રહ્મચારી હશે, જે ફિઝિકલ દેહે કરીને તો સ્ત્રીથી દૂર જ છે પણ, વિચારમાં પણ કોઈ સ્ત્રીને વિશે એ ચલિત નથી થયો એવો માણસ-એવો સાધુ પણ જો કોઈ ભક્તના કામ-ક્રોધાદિક દોષનો અવગુણ લેશે કે, 'આ આવો છે ને તેવો છે' તો એ કૂતરા જેવો કામી થઈ જશે. અને કૂતરા જેવો કામી હશે તો પણ જો એ હરિભક્તને નિર્દોષ માનશે, દિવ્ય માનશે



> ભગવાનના ભક્ત તો ગમે તેવા હોય પણ
> એમનાં ગુણગાન ને મહિમા જ
> ગાવાં અને સાંભળવાં;
> આ એક ઢબ પાડી દેવાની તો
> ભગવાન રાજી રાજી ને રાજી !

તો ઊર્ધ્વરેતા બ્રહ્મચારી જેવો થઈ જશે.' લ્યો ! શ્રીજીમહારાજે દોષ ટાળ્યાનો સરળ ઉપાય બતાવ્યો.

ભક્તને જેવા માનો તેવા તમે થાવ. સત્પુરુષને તમે જેવા માનો તેવા તમે થાવ. આપણે કેવા થવું છે તે આપણા ઉપર છે. મોટા પુરુષને, સંતોને, ભક્તોને જો નિષ્કામી માનશો તો નિષ્કામી થઈ જશો. નિર્લોભી માનશો તો નિર્લોભી થઈ જશો. નિઃસ્વાદી માનશો તો નિઃસ્વાદી થઈ જશો. નિષ્ક્રોધી માનશો તો નિષ્ક્રોધી થઈ જશો. નિઃસ્નેહી માનશો તો નિઃસ્નેહી થઈ જશો. જેવા તમે માનશો એવા તમે થશો. તમે કેવા છો એ અગત્યનું નથી. આ સંતો-ભક્તો બહુ મોટા છે એવા માનશો તો તમારી મોટપ વધી જશે. એમનો દ્રોહ કરશો, એમને વગોવશો, એમની આડી-અવળી વાતો કરીને એમની ફજેતી કરશો, એમનો દ્રોહ કરશો તો ભગવાન કહે, એ ગુનો હું માફ કરીશ નહીં.

ઘણી વખત દૃષ્ટાંત આપું છું. એક ધ્યાની, સેવાભાવી હરિભક્ત હતા. ખાદીનાં કપડાં પહેરે, સાત્ત્વિક આહાર ખાય, બકરીનું દૂધ પીએ અને 'સિમ્પલ લિવિંગ હાઈ થિન્કિંગ' એ થીમ પર એમનું જીવન હતું. આણંદમાં તેઓ બહુ મોભાદાર વ્યક્તિ ગણાય. તેઓ સત્સંગમાં આવ્યા, યોગીબાપાના યોગમાં આવ્યા. એમનું સમર્પણ પણ જબરું હતું ! પરંતુ, એ ભગત ૭૦ વરસની મોટી ઉંમરે અચાનક કામના દોષથી પીડાવા લાગ્યા. અંદરથી કામનો દોષ ખૂબ પીડે. ઉપવાસ કર્યા, બહુ ધૂન-ભજન કર્યાં, પણ દોષ એમનો છાલ ના મૂકે. યોગીબાપા બોચાસણમાં બિરાજમાન હતા, ત્યાં જઈ બાપાના ખોળામાં માથું મૂકીને રડ્યા ને કહ્યું, 'બાપા, આ ઉંમરે આટલા દિવસથી હું હેરાન થઉં છું, હું આખો દિવસ ભજન કરું છું, પ્રાર્થના કરું છું પણ આ દોષ મને બહુ હેરાન કરે છે, તેમાંથી મને છોડાવો.' એવી બધી નિષ્કપટભાવે બાપાને વાતો કરી. ત્યારે દાદુકાકા ને પપ્પાજીએ બહેનોને ભગવાન ભજવાનું કામ ઉપાડ્યું હતું. તેમાં ઘણી જગ્યાએ એનો ખૂબ વિરોધ થતો, દાદુકાકા ને પપ્પાજી માટે આડી-અવળી બહુ વાતો થતી, બહુ વગોવણી થતી. અને ત્યારે આવી આડી-અવળી વાતો સાંભળીને આ મુક્તરાજ પણ દાદુભાઈ આવા છે ને તેવા છે, આ પ્રવૃત્તિ બંધ થવી જોઈએ એવો ઝંડો લઈને ફરતા હતા. એમણે તો બહેનોની આ પ્રવૃત્તિ બંધ કરાવવા માટે પ્રમુખ સ્વામી પાસે જઈને ચર્ચા કરી હતી અને પ્રમુખ સ્વામીને પણ સલાહ આપી આવેલા કે, તમે સંસ્થાના પ્રમુખ છો તો આ પ્રવૃત્તિઓ બંધ કરાવો. તેઓએ યોગીબાપા પાસે રડતાં રડતાં નિષ્કપટ ભાવે દોષ પીડે છે તે બધી વાતો કરી એટલે યોગીબાપાએ એમને સીધો પ્રશ્ન પૂછ્યો કે, 'તમે અમને કેવા માનો છો ?' ત્યારે કહે, 'બાપા, આપ તો સાક્ષાત્ પ્રભુનું સ્વરૂપ છો. મહારાજ સાક્ષાત્ આપનામાં બિરાજમાન છે, મહારાજ આપના થકી આશીર્વાદ આપે છે, દર્શન આપે છે. અને કર્તાહર્તા આપ છો પ્રભુ !' તો બાપા ધીમે રહીને પૂછે છે કે, 'દાદુભાઈમાં રહીને કોણ કામ કરે છે ?' ત્યારે તેઓ કહે, 'બાપા આપ જ કરો છો.' બાપા કહે, 'તો તમે શું કામ માથાકૂટ કરો છો ? પ્રમુખ સ્વામી પાસે જઈ, દંડવત્ કરી, માફી માગજો કે, મેં આપને જે બધું કહ્યું એ મારી ભૂલ હતી, મને માફ કરો.' એ સમયે પ્રમુખ સ્વામી અમદાવાદ હતા અને અમદાવાદથી એ જ દિવસે રાત્રે ગુજરાત મેઇલમાં બૉમ્બે જતા હતા. બાપા કહે, 'આજે રાત્રે ગુજરાત મેઇલમાં પ્રમુખ સ્વામી બૉમ્બે જાય છે, આણંદ સ્ટેશને પાંચ-સાત મિનિટ ગુજરાત મેઇલ ઊભો રહે છે, ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં હશે તો તમે ડબ્બામાં જઈ, દંડવત્ કરી, ખોળામાં માથું મૂકી માફી માગજો. ત્યારે તમારું બધું બંધ થઈ જશે. અને છાત્રાલયમાંથી સાક્ષી તરીકે જશભાઈને સાથે લઈ જજો.' તેઓ બપોરે મને છાત્રાલયમાં આવીને કહી ગયા.

મારે ત્યારે M.Sc.નું વર્ષ હતું. હું સાઈકલ લઈને રાત્રે આણંદ સ્ટેશને ગયો અને તેઓ સ્ટેશને આવ્યા. આણંદ સ્ટેશને રાત્રે ૧૧:૦૦ વાગ્યે ગુજરાત મેઇલ આવે એટલે અમે ૧૦:૦૦ વાગ્યાના પહોંચી

ગયેલા. અમે સ્ટેશનના બાંકડા પર બેઠેલા ત્યારે એ ભગતે મને આ બધી વાત કરી હતી એટલે મને ખબર છે. ગુજરાત મેઈલ સ્ટેશને ઊભો રહ્યો એટલે પ્રમુખ સ્વામીબાપાનાં દર્શન કર્યાં, દંડવત્ કર્યા. પછી પ્રમુખ સ્વામીના ખોળામાં માથું મૂકીને તેઓ કહે, 'મેં જે જે તમને બધી વાતો કરી હતી, ફરિયાદો કરી હતી એ ખોટી છે. અને તમને સલાહ આપવા આવ્યો હતો એ બાબતની હું તમારી પાસે માફી માંગું છું.' આમ, યોગીબાપાએ પ્રમુખ સ્વામીને દંડવત્ કરાવીને માફી મંગાવી ત્યારે એ માણસને એ દોષની નિવૃત્તિ થઈ ગઈ.

આપણા ઈષ્ટદેવને ગાળો ના ભંડાય તો પણ યાદ રાખો, ભગવાનને ગાળો ભાંડશો તો તમને કશું નહીં થાય. કારણ કે, ભગવાન તો ઉદાર છે, દયાળુ છે, માવતર છે. એટલે કૃપાળુ આપણને માફ કરી દે. પણ જો કોઈ ભક્તને દુખવીએ તો ભગવાન કહે, 'એ અપરાધ હું કદી માફ નહીં કરું.' આપણે તો ભગવાનના ભક્ત છીએ, ભગવાનને રાજી કરવાના માર્ગે નીકળ્યા છીએ. ભગવાનના થઈને જીવન જીવી હઠ, માન, ઈર્ષ્યા ને કામ-ક્રોધાદિક દોષ રહિત થવાની સાધનાના માર્ગે ચાલી રહ્યા છીએ તો આપણે તો એમાં પડાય જ નહીં.

કોઈ કહે, 'આ દૂધ બહુ સરસ છે, તાજું છે, ગાયનું છે, પણ તેમાં એક ટીપું નાગનું ઝેર પડી ગયું છે, પણ બહુ સરસ છે-તમે પીઓ.' તો તમે પીશો ? ગમે એટલું સારું, તાજું દૂધ હોય તોય ના પિવાય. એમ, સર્વાંગ સુંદર હોય, ભગવાનના નિયમ-ધર્મ અપ-ટુ-ડેટ પાળતા હોય, સરસ રહેતા હોય, માળા ફેરવતા હોય, એક પગે ઊભા રહી તપ કરતા હોય, ૫૦ દંડવત્ પ્રણામ કરતા હોય, પણ ભગવાન ને ભગવાનના ભક્તનો કે સાધુનો જો અપરાધ કરતા હોય તો ભગવાન કહે, 'તમારું સારું નહીં રહે, તમારું કોઈ સાધન મને પહોંચશે નહીં.' ગુણાતીતાનંદ સ્વામી કહે, 'કોઈ ભક્ત બેઠો બેઠો ગુણગાન ને મહિમા ગાતો હશે તો એને સૂવા માટે સુખપાલનો પલંગ આપીશ, એની સેવા કરનારા સેવકો મોકલીશ અને સાકરના શીરાનું ભોજન જમવા માટે મોકલીશ.' લ્યો, ગુણગાન ને મહિમા ગાવામાં આટલું સુખ મળે, પણ માણસ ગાઈ નથી શકતા. ખબર નહીં શું છે ? આપણી એ જ નબળાઈ છે.

**માટે ભગવાનના ભક્તનો કોઈ પ્રકારે દ્રોહ કરવો નહીં. અને વળી, ભગવાનના સર્વે અપરાધ થકી જે ભગવાનના આકારનું ખંડન કરવું એ મોટો અપરાધ છે, તે માટે એ અપરાધ તો ક્યારેય પણ કરવો નહીં. અને એ અપરાધ કરે તો એને પંચ મહાપાપ કરતાં પણ અધિક પાપ લાગે છે.**

પહેલું ભગવાનના ભક્તનો કોઈ પ્રકારે દ્રોહ ના કરવો અને બીજું ભગવાનને નિરાકાર કહે એને મોટો અપરાધ કહ્યો. ભગવાનના ભક્તનો દ્રોહ કરવા કરતાં પણ મોટો અપરાધ ભગવાનને નિરાકાર-કોઈ આકાર નથી એમ માનવું એ છે.

ઉપાસના બે પ્રકારની છે : એક સાકારની અને બીજી નિરાકારની. નિરાકારવાદીઓ મૂર્તિને ભજતા નથી. તેઓ ભગવાનને માને છે, પણ ભગવાનના આકારનો સ્વીકાર નથી કરતા. એટલે ભગવાન શ્રી રામ, ભગવાન શ્રી કૃષ્ણ, ભગવાન શ્રી સ્વામિનારાયણનો સ્વીકાર નથી કરતા. તેઓ આકારને માનતા જ નથી. એમનાં મંદિરોમાં મૂર્તિઓ જ નહીં હોય. તો ભગવાન કહે, ભગવાનનો આકાર ના માને, નિરાકાર કહે એ મોટો અપરાધ છે. અહીં જે યુવક-યુવતીઓ બેઠાં છે એમણે ખાસ સમજવાનું કે, આ બહુ અગત્યનું છે. જેમ આપણો આકાર છે - બે હાથ છે, બે પગ છે, બે આંખ છે, માથું છે; આ આખું શરીર છે એમ ભગવાન પણ દેહધારી છે. મારા-તમારા જેવા છે, એમને પણ આકાર છે. ભગવાન સદાય સાકાર છે. આપણી સાકારની ઉપાસના છે. આપણો જેમ આકાર છે એમ આપણા પ્રભુનો પણ આકાર છે. તર્કશાસ્ત્રીઓ એનું ખંડન કરે, તમને એવા કન્વિન્સ કરે કે તમે ભગવાનને માનો જ નહીં, તમને નાસ્તિક બનાવી દે. પણ આપણા આત્મામાં જો જડબેસલાક નિષ્ઠા હોય કે, અમારા ભગવાન સદાય સાકાર ને પ્રગટ છે.

> "મહિમા ગાવાની અત્યારથી ટેવ પાડી દેવાની.
> સારું જ બોલવાનું,
> સારું જ સાંભળવાનું અને
> અમહિમા, ભાવફેર, નિંદાની કોઈ વાત કરે તો
> આપણને ગમવું ના જોઈએ."





ભગવાન તો સદાય સાકાર છે.
અક્ષરધામમાં બિરાજમાન છે.
અક્ષરધામરૂપ એવા જે સાધુ,
તેમનામાં બિરાજમાન છે.

માનવરૂપે એવા સાધુ દ્વારા અમને ભગવાન પ્રગટ મળ્યા છે. અને તેઓની આજ્ઞામાં રહી, સંતો-ભક્તોની નિર્દોષભાવે સેવાઓ કરીએ તો પ્રભુપ્રસન્નતાથી આપણે નિરાકાર થઈ રહીશું. એટલે આપણાપણાનો ભાવ જતાં સાધુતા પ્રાપ્ત થશે. પ્રગટ સાકાર પ્રભુનાં સુખ-શાંતિ-આનંદના ભોક્તા બની રહીશું. એટલે એ પ્રગટ સાકારપણાના નિશ્ચયમાં, એ નિષ્ઠામાં કોઈ ફેરફાર ના થાય એને નિરુત્થાન નિશ્ચય કહ્યો.

નિરુત્થાન નિશ્ચય એટલે શું ? તો મારું નામ જશભાઈ છે. ધારો કે, આ સભામાં હું ઘસઘસાટ ઊંઘતો હોઉં ને આટલા બધામાં કોઈ 'જશભાઈ' કહીને બૂમ પાડે તો હું જ બોલું, 'બોલો.' મને એટલું બધું મારું જશભાઈ તરીકેનું ભાન હોય. ઊંઘમાંથી ઉઠાડો, અમેરિકામાં કે ગમે ત્યાં જતો હોઉં, પણ તમે જશભાઈના નામે બૂમ પાડો તો તરત કાન સરવા થાય. આપણા નામનો, આપણા ગામનો, આપણાં મા-બાપનો, આપણા ઘરનો આપણને કેવો નિશ્ચય છે ! દારૂડિયો ગમે એટલાં લથડિયાં મારતો હોય પણ પોતાના ઘરે જ જાય. કોઈ કહે, 'તમે જશભાઈ નથી, તમારું નામ તો મોહનભાઈ છે.' તો આપણે કહીએ, 'તારું મગજ ફર્યું લાગે છે, હું જશભાઈ જ છું.' એમ કોઈ કહે કે, 'ભગવાન નિરાકાર છે.' તો કહીએ કે, 'તારું મગજ ફર્યું લાગે છે. અમારા ભગવાન તો સાકાર છે ને માનવરૂપે પ્રગટ છે.' એ નિરુત્થાન નિશ્ચય કહેવાય ! એમાં કોઈ ડગમગાટ નહીં. એવી સાકારની ઉપાસનાનું ગઢડા પ્રથમ ૭૧નું વચનામૃત બૅસ્ટ વચનામૃત છે.

બે અપરાધ કહ્યા. એક તો ભગવાનને નિરાકાર કહે એ મોટો અપરાધ અને ભગવાનના ભક્તોની ચાડીચુગલી કરો, એમની ખટપટ કરો, એમની નિંદા કરો, એમને ફજેત કરો, એમની સાંભળેલી વાતોનો ચેરીને ફેલાવો કરો એટલે કે એમનો દ્રોહ કરો તો ભગવાન કહે, હું એ ભક્તને માફ નહીં કરું.

**અને ભગવાન તો સદા સાકારમૂર્તિ છે, તેને જે નિરાકાર સમજવા એ જ ભગવાનના આકારનું ખંડન કર્યું કહેવાય છે. અને પુરુષોત્તમ એવા જે ભગવાન તે જે તે કોટિ સૂર્ય, ચંદ્ર સરખું તેજોમય એવું પોતાનું અક્ષરધામ તેને વિષે સદા દિવ્યાકાર થકા વિરાજમાન છે**

ભગવાન તો સદાય સાકાર છે. અક્ષરધામમાં બિરાજમાન છે. અક્ષરધામરૂપ એવા જે સાધુ, તેમનામાં બિરાજમાન છે. સયાજીરાવ ગાયકવાડનો મહેલ આટલો સારો છે તો ભગવાનને રહેવાનું ધામ આકાશમાં કેવું ઝગમગાટવાળું હશે ? ના. અક્ષરધામરૂપ થયા, ગુણાતીતભાવને પામ્યા, એવા સાધુ દ્વારા અમે પ્રગટ રહીશું ; મહારાજને એ કહેવું છે. અમે સદાય અક્ષરધામમાં બિરાજમાન છીએ-એ અક્ષરધામ એટલે ગુણાતીત સાધુ. એમનું એ વ્યતિરેકપણું કે વ્યક્તિરૂપે પ્રભુ બિરાજમાન છે, અને અન્વયરૂપે એ પોતાના ધામ અક્ષરધામમાં બિરાજમાન છે. અન્વયરૂપે ભગવાન મારા-તમારા સર્વત્રમાં બિરાજમાન છે. અને વ્યતિરેકપણે એટલે ગુણાતીત દ્વારા, અખંડ ગુણાતીતભાવમાં રહે છે એવા સાધુ દ્વારા ભગવાન અખંડ આપણને દર્શન દે છે.

**અને પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે એ ભગવાન તે જ પોતે જ કૃપાએ કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે પ્રકટ થાય છે, ત્યારે જે જે તત્ત્વનો અંગીકાર કરે છે તે સર્વે તત્ત્વ બ્રહ્મરૂપ છે ;**

પોતે કૃપાએ કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વી પર આવે છે ત્યારે જે જે વસ્તુને ગ્રહણ કરે છે એ બ્રહ્મરૂપ છે. એટલે, પ્રસાદ ગ્રહણ કરે, કપડાં ગ્રહણ કરે, આપણને ગ્રહણ કર્યા. આપણે બ્રહ્મરૂપ એટલે કહેવાયા કે, ભગવાને આપણો સ્વીકાર કર્યો છે.

**રામ-કૃષ્ણાદિક અવતારને વિષે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તે જણાય છે તથા દશ ઈન્દ્રિયો, પંચ પ્રાણ ઈત્યાદિક સર્વે તત્ત્વ મનુષ્યની પેઠે જણાય છે, પણ એ સર્વે બ્રહ્મ છે પણ માયિક નથી. તે માટે એ ભગવાનના આકારનું ખંડન ક્યારેય પણ ન કરવું.**

એવા ગુણાતીત સાધુ ખાવા-પીવાની, હરવા-ફરવાની બધી જ ક્રિયાઓ આપણા જેવી જ કરતા હોય. તેઓની બધી ક્રિયા માનવીય ક્રિયા હોય, પણ તેઓ જે જે ગ્રહણ કરે છે એ બધાના ભાવ ગ્રહણ કરે છે, યાદ રાખો ! જમે છે તો ભાવ ગ્રહણ કરે છે. પ્રસાદ લે છે તો ભાવ ગ્રહણ કરે છે. એ જેમનો જેમનો ભાવ ગ્રહણ કરે એમનું હંમેશાં રૂડું થાય છે. એટલે પ્રસાદ કરવો, મહારાજને વાઘા પહેરાવવા, ભક્તોને જમાડવા, એનો મહિમા એટલે છે. ભક્તો ભેળા ભગવાન જમતા હોય તો પ્રભુ એનાથી રાજી થાય છે. અને તેઓ દિવ્ય છે, નિર્દોષ છે, માટે ભગવાનના આકારનું કદી ખંડન કરવું નહીં. આમ, બે અપરાધ ના કરવા. પહેલો ભગવાનના ભક્તનો દ્રોહ ના કરવો અને બીજો ભગવાનને નિરાકાર ના કહેવા. ગોષ્ઠિ કરવી પણ તે મહિમા ગાવાની કરવી. મહિમા ગાવાની અત્યારથી ટેવ પાડી દેવાની. સારું જ બોલવાનું, સારું જ સાંભળવાનું અને અમહિમા, ભાવફેર, નિંદાની કોઈ વાત કરે તો આપણને ગમવું ના જોઈએ.

ફર્સ્ટક્લાસ રસોઈ જમતા હોય, પણ એકાદ કાંકરી આવે તો મજા આવે ? મોઢા ઉપરથી જ ખબર પડે કે આના ખાવામાં કાંકરી આવી છે. એમ, અહિમા-ભાવફેરની વાત થાય ત્યાં એકદમ સિરિયસ થઈ જવું એટલે સામો માણસ અટકી જાય. એને એમ થાય કે, આને શું થઈ ગયું ? એવું હોવું જોઈએ. ભગવાનના ભક્ત ગમે તેવા હોય, એમના વિશે ભાવફેર-અમહિમાની વાતો આપણે તો ના જ કરીએ, પણ કોઈ કરવા આવે તો એમનું ચલાવી પણ ના લઈએ. તો એવા ભગત માટે ભગવાન કહે, 'તે ગમે એવો હશે તોય અમે એને સુખિયો કરીશું. એના સઘળા મનોરથ અમે પૂરા કરીશું.' તો એક તો ભગવાનને સાકાર, કર્તા-હર્તા માનીએ, પ્રગટ માનીએ કે એવા સાધુ દ્વારા આપણને પ્રગટ મળ્યા છે. એમના વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ છે, તો બે હાથ જોડી તેઓની આજ્ઞા પાળીએ ને ભક્તોમાં સુહૃદભાવ રાખીએ.

> પ્રભુએ સ્વીકાર કર્યા એ બધા બ્રહ્મરૂપ !
> મારો-તમારો-સૌનો ભગવાને સ્વીકાર કર્યો છે
> એટલે આપણે બધા બ્રહ્મરૂપ છીએ.
> આપણે બ્રહ્મરૂપ છીએ એનો આપણે
> સ્વીકાર કરીએ તો
> એનો આપણને આનંદ આવશે.

વચનામૃત ગઢડા પ્રથમ ૭૧માં મહારાજે આ બે ખાસ મુદ્દા આપ્યા : એક, ભગવાન સદાય સાકાર છે, દિવ્ય છે, પ્રગટ છે. બીજું, એમના સંબંધવાળા સર્વે બ્રહ્મ છે. અશ્વિનભાઈ ઘણી વખત ભજન ગાય છે, 'આજે કોઈ, કાલે કોઈ, તારું સ્વરૂપ થાશે.' કોઈ વિદ્યાર્થી મૅડિકલ કૉલેજમાં દાખલ થાય અને પહેલા જ વર્ષમાં હોય તોય એને બધા ડૉક્ટર કહેવા માંડે. હજુ એ પાંચ વરસ પછી ડૉક્ટર થવાનો છે, પણ મૅડિકલ કૉલેજમાં દાખલ થયો, અને કદાચ એકાદ વરસ ગાપચી મારશે તોય છ-સાત વરસે તે ડૉક્ટર થશે, થશે ને થશે. એમ, જે પ્રભુના સંબંધમાં આવ્યા, પછી તે હતપતિયો, માથાકૂટિયો હશે તો બે-પાંચ વરસ મોડો થશે, પણ, આજે કોઈ, કાલે કોઈ, તારું સ્વરૂપ થાશે, ગુણાતીતભાવને એ પામશે.

ભગવાનનો આશરો હોય, સત્પુરુષની કૃપાદૃષ્ટિવાળા હોય, સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિવાળા હોય, ભગવાનને સદાય સાકાર, દિવ્ય ને પ્રગટ માનીને, કર્તાહર્તા માનીને સત્પુરુષની આજ્ઞા પાળતા હોય એવા બધાય ભક્તો બ્રહ્મરૂપ થયા. પ્રભુએ સ્વીકાર કર્યા એ બધા બ્રહ્મરૂપ ! મારો-તમારો-સૌનો ભગવાને સ્વીકાર કર્યો છે એટલે આપણે બધા બ્રહ્મરૂપ છીએ. આપણે બ્રહ્મરૂપ છીએ એનો આપણે સ્વીકાર કરીએ તો એનો આપણને આનંદ આવશે.

તો ખાસ, આ બે મુદ્દા રોજબરોજનાં જીવનના વર્તનમાં લાવવા છે. ભૂલેચૂકે કોઈની અમહિમા, ભાવફેરની વાતમાં પડાય નહીં, કહેવાય નહીં કે સંભળાય નહીં. અને ભગવાન સદાય સાકાર, પ્રગટ ને કર્તાહર્તા છે, છે ને છે. અને એવા સાધુ દ્વારા મને પ્રગટ મળ્યા છે. ગમે એવા તર્કશાસ્ત્રીઓ સમજાવવા જાય તો પણ એ માનીનતામાં, એ દૃઢતામાં સહેજ પણ ફરક ના પડે એ નિરુત્થાન નિશ્ચય ! એવો નિશ્ચય અને ભક્તોને વિશે નિર્દોષભાવ ને દિવ્યભાવ હોય તો ભગવાન રાજી, રાજી ને રાજી !

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆



# ૬ જુલાઈ ૨૦૨૫થી આરંભ થતા ચાતુર્માસના વિશેષ નિયમો

**પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીને રાજી કરવાના એકમાત્ર ભાવથી તેઓએ આપેલા આ વિશેષ નિયમો યથાશ્રદ્ધા તથા યથાશક્તિ આચરણમાં મૂકવા પ્રભુના તથા ગુરુહરિના બળની યાચના કરીએ.**

૧. શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાનુસાર રોજ નાહી-ધોઈને પ્રભુની પૂજા કરવી. તેમાં 'શિક્ષાપત્રી'ના પાંચ શ્લોકોનું વાંચન કરવું. પ્રાર્થના કરવી કે, 'આપે આપેલા નિયમ-ધર્મની મર્યાદામાં રહીને ભક્તિ કરીએ અને સઘળાં કામ પણ કરીએ.'

૨. પૂજા કરી શ્રી ઠાકોરજીની મૂર્તિને પ્રણામ કરી આપણા ઘર-પરિવારમાં આપણાં વડીલોના ચરણસ્પર્શ કરી, 'જય શ્રી સ્વામિનારાયણ' કહી, તેઓના આશીર્વાદની યાચના કરવી. દરરોજ ઘરનાં વડીલોની કાળજી લેવી, તેઓની સારસંભાળ રાખી, તેઓ રાજી થાય તેવી રીતે તેઓની સેવા કરવી.

૩. બ્રહ્મસ્વરૂપ યોગીબાપાની આજ્ઞાનુસાર અઠવાડિક સત્સંગસભામાં અવશ્ય હાજરી આપવી. સભા ન થતી હોય તો આપણે શરૂ કરવી, સૌને બોલાવવાં. અઠવાડિક સત્સંગસભા ઉપરાંત અઠવાડિયામાં બે વખત ઘરનાં સૌ પરિવારજનોએ ભેગાં મળી ઘરસભા અવશ્ય કરવી.

૪. ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત 'શ્રી વચનામૃત'માંથી દરરોજ એક વચનામૃતનું વ્યક્તિગત અથવા પરિવારમાં પઠન અથવા શ્રવણ અને મનન કરી તેને જીવનના આચરણમાં મૂકવા પ્રભુ તથા ગુરુહરિને પ્રાર્થના કરી તેઓનાં બળની યાચના કરવી.

૫. મહિનાની દરેક અઠવાડિક સત્સંગસભામાં 'બ્રહ્મનિર્ઝર' પત્રિકાનું વાંચન કરવું.

૬. સૌ સત્સંગીઓએ પ્રભુ અને ગુરુહરિની સ્મૃતિ સાથે શેષ જીવનપર્યંત અને સવિશેષપણે પવિત્ર ચાતુર્માસ દરમિયાન દરરોજ અડધો કલાક 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રની ધૂન કરવી.

૭. પવિત્ર ચાતુર્માસ દરમિયાન પોતાના સ્વાસ્થ્યને અનુકૂળ આવે અને દાક્તરી સલાહ/અનુમતિ હોય તો, એકટાણાં કરવાં; અથવા ઓછામાં ઓછું પવિત્ર શ્રાવણ માસ દરમિયાન એકટાણાં કરવાં.

૮. સૌ યુવા (બહેનો-ભાઈઓ) તથા યુવા સાધકો ચાતુર્માસ દરમિયાન એક માસના અથવા ઓછામાં ઓછા પંદર દિવસનાં ધારણાંપારણાંના વિશેષ નિયમ લઈ, આ તપ દરમિયાન પોતાનાં સર્વ વિચાર, વાણી અને વર્તન પ્રભુ અને ગુરુહરિ રાજી થાય તેવાં રાખવાં વિશેષ જાગ્રતતા રાખે.

૯. શેષ જીવનપર્યંત અને સવિશેષપણે પવિત્ર ચાતુર્માસ દરમિયાન પ્રભુ અને ગુરુહરિને રાજી કરવા સૌ સત્સંગીઓ આધ્યાત્મિક તપસ્યાનો આ એક નિયમ અવશ્ય ધારણ કરે અને તેનું જાગ્રતતા અને શ્રદ્ધાપૂર્વક પાલન કરે : **સદાય સૌના ગુણ ગાવા-સાંભળવા-જોવા, પરંતુ, કોઈનાં પણ અમહિમા-અભાવ-ભાવફેર કે નકારાત્મક ટીકાટિપ્પણથી દૂર જ રહેવું.**

૧૦. ચાતુર્માસ વિશેષ અને શેષ જીવન દરમિયાન આપણી નિત્ય પ્રાતઃ પૂજામાં પ્રાર્થના કરવી :

***હે પ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાન ! હે અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજી ! હે પ્રભુનાં સર્વ સાકાર, દિવ્ય ગુણાતીત સ્વરૂપો ! હે પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજી ! અમારા મનની વૃત્તિ અખંડ ભગવાનના સ્વરૂપમાં રહે. અમારા ગુરુ તથા પ્રગટ ગુરુહરિની પ્રસન્નતા અર્થે ગુરુઆજ્ઞાથી અમે જે સેવા કે પ્રવૃત્તિમાં જોડાઈએ તેમાં ફરિયાદ કર્યા વિના, સૌ સાથે સંપ-સુહૃદભાવ અને એકતા જાળવી, પ્રભુનું કાર્ય પ્રભુની રીતે પ્રભુ અને ગુરુહરિ રાજી થાય તેવી રીતે કરીએ.***

***હે પ્રભુ ! હે ગુરુહરિ ! અમારું જીવન ગુરુહરિ શાસ્ત્રીજી મહારાજ, ગુરુહરિ યોગીજી મહારાજ તથા આપના દિવ્ય કાર્યના વાહકરૂપ અને શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં આચરણ દ્વારા પરમ દિવ્ય બની રહે તેવા આ સંકલ્પ સાકાર થાય તે માટે આપની કૃપા અને બળની પ્રાર્થના સાથે 'શ્રી સ્વામિનારાયણ' મહામંત્રની શ્રદ્ધાપૂર્વક અને ગુરુહરિની સ્મૃતિ સાથે ધૂન કરીએ છીએ.***

**ૐ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...!**




# ઉપશમ મૂર્તિ સાધુરામ સદ્‌ગુરુ પૂ. અશ્વિનદાદાને પ્રાગટ્ય મંગલે વંદન !

**પ્રભુ**પ્રીત્યર્થે ગુરુમુખી અને ઠરાવ રહિત જીવન જીવતા અનુપમ સાધુ એટલે પૂ. અશ્વિનદાદા ! ૧૫ જુલાઈ ૧૯૪૨ના રોજ આફ્રિકાના કંપાલા – યુગાન્ડામાં ગવર્નમેન્ટ ઍશિયાટિક હૉસ્પિટલમાં તેઓનું પ્રાગટ્ય થયું ! તે દિવસે રથયાત્રાની શુભ મંગલ તિથિ હતી !

તેઓનાં માતુશ્રી પૂ. રેવાબહેન અને પિતાશ્રી પૂ. ભાઈલાલભાઈ ત્રિભુવનદાસ પટેલ ! અત્યંત વહાલ ઊપજે તેવી તેમની તેજસ્વીતા બાળપણથી જ હતી. તેઓને કુટુંબીજનો – ‘ઘનશ્યામ’ અને સખાઓ – ‘એ.બી.’ના હુલામણા નામે બોલાવતા ! યોગીબાપા – ‘સાધુરામ’ કહીને સંબોધતા અને આજે યુવાઓ તેમને ‘ગુરુ’ કહીને બોલાવે છે. ૬ વર્ષની ઉંમરે આફ્રિકાથી ‘એસ. એસ. કમ્પાલા’ નામના જહાજમાં તેઓ પિતાશ્રીની આંગળી પકડી ભારત પધાર્યા અને પછી ગુજરાતના વડોદરા જિલ્લાના સોખડા ગામે સ્થાયી થયા. ત્યાં બાલ્યાવસ્થામાં જ તેઓને ગુરુહરિ સંતભગવંત સાહેબજીનાં દર્શન અને સમાગમ પ્રાપ્ત થયાં. ત્યારથી જ પરમ સ્નેહસભર મિત્રાચારી સ્થપાઈ.

જયારે તેઓ ૮મા ધોરણમાં અભ્યાસ કરતા હતા તે સમયે સોખડામાં યોગીજી મહારાજ પારાયણ પ્રસંગે પધાર્યા હતા. આ પ્રસંગે તેઓ પીરસવાની સેવા બજાવવા માટે ગયા હતા. આ પારાયણમાં યોગીબાપાએ પ્રથમવાર લીમડાના વૃક્ષ નીચે પાટ બિછાવીને આપેલાં દર્શન તેઓને આજે પણ યાદ છે અને તેઓ આ સ્મૃતિ હંમેશાં વાગોળતા રહે છે. આ તેઓની ગુરુદેવ યોગીજી મહારાજ સાથેની પ્રથમ મુલાકાત !

કૉલેજના ઉચ્ચ અભ્યાસ માટે સન ૧૯૫૯માં તેઓ વલ્લભવિદ્યાનગર પધાર્યા ત્યારે તેઓ ‘વિદ્યાસ્મૃતિ’ નામના મકાનમાં ભાડે રૂમ રાખીને મોટા ભાઈ પૂ. રતિકાકા સાથે રહેતા. ત્યાં પણ યોગીબાપાએ પધરામણી કરી, કંઠી પહેરાવી વર્તમાન ધરાવ્યા અને પૂજા આપી બ્રહ્મસંબંધ સ્થાપ્યો ! સંતભગવંત સાહેબજીએ જે અઠવાડિક સત્સંગસભા – ‘ગુરુસભા’ યોગીબાપાની આજ્ઞાથી શરૂ કરી હતી તેમાં પણ હાજર રહેવાની યોગીજી મહારાજે અશ્વિનદાદાને આજ્ઞા કરી.

સન ૧૯૬૪માં શાસ્ત્રીજી મહારાજ જન્મજયંતી વખતે તેઓ સાહેબજી અને મિત્રો સાથે યોગીબાપાની સેવામાં હતા, ત્યારે વિચરણ કરતા કરતા યોગીબાપા વાસણાથી સોખડા પધાર્યા. સોખડામાં સૌ પ્રથમ પૂજ્ય અશ્વિનદાદાના ઘરે પધરામણી કરવા ગયા ત્યારે ઘરમાં પગ મૂક્તી વખતે યોગીબાપા બોલ્યા કે, ‘અમે દસ વર્ષથી આંટા મારતા હતા ત્યારે આજે આ ઘરમાં ગરવાનું (આવવાનું) મળ્યું.’

પછી તો યોગીજી મહારાજની આજ્ઞા થઈ એટલે M.Sc.નો અભ્યાસ અધૂરો મૂકી તેઓની સેવામાં જોડાઈ ગયા. બરાબર ૯ મહિના ગુરુદેવ યોગીજી મહારાજની અંગત સેવામાં રોકાઈને તેઓને રાજી કરી લીધા અને તેઓ થકી 'સાધુરામ'નો ઇલકાબ પામ્યા. પછી યોગીબાપાએ પરત સાહેબજીની સેવામાં તેઓને ૨૧ મે ૧૯૬૬ના રોજ ગોટલીનો પ્રસાદ અને પત્ર સાથે મોકલ્યા, જેમાં બાળમંડળ - યુવકમંડળ સંભાળવાની આજ્ઞા કરી હતી તો તેને તેઓએ આજ પર્યંત નિભાવી છે.

સાહેબદાદા સાથે એટલો બધો પ્રેમ કે તેમને છોડીને જવાનું મન જ ન થયું. યુવાનવયે દર અઠવાડિયે અમદાવાદની સત્સંગસભા કરવા જવાની સાહેબદાદાએ પૂજ્ય અશ્વિનદાદાને આજ્ઞા કરી, તો વિરહના દુઃખથી આંખમાંથી આંસુ પડે તોય સાહેબજીની આજ્ઞા હતી તેથી અમદાવાદ જતા અને સૌને સત્સંગનો લાભ દેતા.

પરમ પૂજ્ય પપ્પાજીની મરજી અનુસાર સંતભગવંત સાહેબજીએ સાધકો માટે કર્મયોગી સાધનાના ભાગરૂપે ફૅક્ટરી શરૂ કરવાની આજ્ઞા કરી. પૂજ્ય અશ્વિનદાદાનો મત હતો કે, સાધુ થયા છીએ તો ભક્તિમાં વધુ સમય વિતાવીએ ! પરંતુ સાહેબદાદાએ પુનઃ આજ્ઞા કરી તો ફરી ક્યારેય બીજો વિચાર કર્યો નથી. તેમજ ફૅક્ટરીનાં સંચાલન તથા આર્થિક વ્યવસ્થા અને આયોજન માટે ભણવું પડ્યું તો ભણ્યા અને ધણી થઈને સઘળું સંચાલન કર્યું અને આજ્ઞા પાળી.

ગુરુદેવ યોગીજી મહારાજના પ્રાગટ્યસ્થાન ધારીમાં સંતભગવંત સાહેબજીએ દીકરીઓ માટે કૉલેજ કરવાની આજ્ઞા કરી ત્યારે અનુપમ મિશન પાસે પૂરતી આર્થિક વ્યવસ્થા ન હતી. પરંતુ પૂજ્ય અશ્વિનદાદા સંતભગવંત સાહેબજીની આજ્ઞાનો મર્મ જાણતા હતા. તેથી તેમણે સઘળી વ્યવસ્થા પાર પાડી અને ધારીમાં કૉલેજ શરૂ થઈ શકી. આવું તો અનેકવાર અને વારંવાર બન્યું ! ગુરુદેવ યોગીજી મહારાજની પ્રેરણાથી સંતભગવંત સાહેબજીએ અનુપમ મિશનનાં અનેક સેવાકાર્યો, સત્સંગ કાર્યો શરૂ કર્યાં અને તેનાં સંચાલન અને આર્થિક નિર્વહન બાબતે પૂ. અશ્વિનદાદાને સોંપ્યાં પછી ક્યારેય જોવું કે પૂછવું નથી પડ્યું ! માટે જ સાહેબજી કહે છે કે, 'અશ્વિન મારી સાથે આવ્યો ત્યારથી મેં મારા ખીસામાં પર્સ નથી રાખ્યું !'

આમ ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં કે મન ન માને ત્યારે પણ સંતભગવંત સાહેબજી કોઈ આજ્ઞા કરે તો તેને સર્વોપરીભાવે સાકાર કરવાની અદમ્ય તાલાવેલી એ જ તેમની અનુપમ ગુરુભક્તિ ! આદર્શ કર્મયોગી પૂ. અશ્વિનદાદા ૮૩ વર્ષની ઉંમરે પણ પૂર્ણ સમય ઑફિસમાં ફાળવી દરેક કાર્યોને પાર પાડવાની સેવા અને ભક્તિ અદા કરે છે. પૂ. અશ્વિનદાદાનાં દૂરગામી આયોજનોને પરિણામે આપણી અનુપમ મિશન સંસ્થા વિકસી અને વિસ્તરી છે. પોતાના ગુરુ સંતભગવંત સાહેબજીની આજ્ઞા પ્રમાણે પળેપળ વિતાવીને તેઓએ આદર્શ ભક્તિ અને શિષ્યત્વનું દર્શન કરાવ્યું છે. સમતા, ભક્તિ અને પ્રેમની મૂર્તિ સમા સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાનાં પ્રેમ અને જતનથી સંનિષ્ઠ વિશાળ ભક્તસમાજનું સર્જન સાકાર થયું છે. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગને સાધી જીવન જીવતા બ્રહ્મર્ષિ છે !

સર્વજ્ઞાની, અત્યંત વિચક્ષણ, પ્રખર બુદ્ધિશાળી છતાં આ સર્વ ગુણોનો સર્વોપરી ઉપયોગ પ્રભુભક્તિ અર્થે કરતા અનુપમ સદ્‌ગુરુ એટલે પૂ. અશ્વિનદાદા ! ઉપશમ ઐશ્વર્યના ધારક, યોગીજીના સાધુરામ, સાધકોના સુહૃદ, ભક્તોના ગુરુ અને સૌના પથદર્શક પૂ. અશ્વિનદાદા ઋજુહૃદયી, પિતા સમાન સંત. આબાલવૃદ્ધ, ત્યાગી-ગૃહસ્થ, બાઈ-ભાઈ સૌની કાળજી કરે. બ્રહ્મજ્ઞાની પૂ. અશ્વિનદાદા અર્થશાસ્ત્ર, તબીબક્ષેત્ર, સાંસારિક પ્રશ્નો અને વ્યાવહારિક મુઝવણ આદિ અનેક જટિલ દુઃખોમાં ભક્તોના પક્ષે રહી માયા પાર કરનાર પ્રભુધારક સંત ! સૌમાં અનેરો નિર્દોષભાવ. ભગવાનના કર્તા-હર્તાપણાનો નખશિખ સ્વીકાર ! સંતભગવંત સાહેબજીના લાડીલા અને યુવાપ્રવૃત્તિના પોષક એવા પૂ. અશ્વિનદાદા અનુપમ મિશનના પ્રમુખ છતાં સૌના સેવક !

તેજસ્વી મુખાકૃતિ, નેત્રમાં બ્રહ્મનો પ્રકાશ, વદને સ્વામિનારાયણ, હસ્તમાં કલમ જે અનુપમ મિશનના તંત્રનો વહીવટ કરે તેમજ ભક્તોને આશીર્વાદ લખી આપી શાતા પમાડે અને હૃદયે યોગીસ્વરૂપ સાહેબજી ! બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, પ.પૂ. કાકાજી, પ.પૂ. પપ્પાજી, પ.પૂ. સોનાબા, પ.પૂ. હરિપ્રસાદ સ્વામીજી અને સૌ પ્રગટ ગુણાતીત સત્પુરુષોના અનન્ય રાજીપાનું પાત્ર એટલે પૂ. અશ્વિનદાદા ! નિર્માની, સરળ, સહજ, નિર્દોષ અને પ્રેમમૂર્તિ પૂ. અશ્વિનદાદા પર જોનારને પ્રથમ નજરે જ પ્રેમ ઉપજી જાય તેવા અતુલનીય સંત ! તેમની વાણીમાં અસ્ખલિત સચોટ બ્રહ્મજ્ઞાનની ગંગા અને મહિમાનો પ્રવાહ જે સૌને આકર્ષે ! અદ્‌ભુત, અદ્વિતીય અને અનુપમ સાધુ જે માનવમાત્રને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય, માયાનાં બંધનમાંથી મુક્તિ અપાવી દે, હકારાત્મક શક્તિઓને પ્રજ્વલિત કરી દે, ઉત્તમ 'આયોજક' અને કોમલ હૃદયને ધારક એવા મુનિવર પૂ. અશ્વિનદાદાના ચરણે તેઓના પ્રાગટ્યપર્વે સાષ્ટાંગ પ્રણામ સહ વંદન ! ◆

~ ડૉ. ધનંજય પટેલ



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ મે, ગુરુવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર 'ઉપાસના' નિવાસસ્થાને સ્વાસ્થ્યલાભ માટે આરામ કર્યો.

**૨ મે, શુક્રવાર...** દર્શનાર્થે પધારેલ સર્વોદય આઈસક્રીમ-આણંદના માલિક પ્રશાંતભાઈને દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું. ભીખુભાઈ અને ખંભાસલા મંડળના ભક્તોને મુલાકાત આપી આશીર્વાદ પાઠવ્યા.

**૩ મે, શનિવાર...** રાજભોગ આરતી બાદ 'અક્ષરમહોલ'માં યોજાતી સભામાં ઈસ્કોન રિસૉર્ટ-ભાવનગરના માલિક અનુપમ સ્વજન શ્રી પ્રવીણભાઈ કોટકનાં સ્વાગત-અભિવાદન કર્યાં તથા સભામાં ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૪ મે, રવિવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી 'વચનામૃત ગઢડા મધ્ય-૫૯'નું નિરૂપણ કરી આશીર્વાદ આપ્યા.

**૫-૬ મે, સોમવાર-મંગળવાર...** 'ઉપાસના' નિવાસસ્થાને સ્વાસ્થ્યલાભ માટે આરામ કર્યો.

**૭ મે, બુધવાર...** 'અક્ષરમહોલ' મંદિરજીમાં આરતીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કરી કાકાજી મહારાજની સ્મૃતિમાં 'યોગીપ્રસાદ'માં યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તેમજ ઉપસ્થિત સૌ સંતો-અક્ષરમુક્તોને આશીર્વાદ પાઠવ્યા. વિદેશથી પધારેલા ભક્તોનાં સ્વાગત કર્યાં તેમજ વિદેશ પરત પધારતા ભક્તોને વિદાય આપી આશીર્વાદ પાઠવ્યા.

**૮ મે, ગુરુવાર...** 'ઉપાસના' નિવાસસ્થાને સ્વાસ્થ્યલાભ માટે આરામ કર્યો.

**૯ મે, શુક્રવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૧૦ મે, શનિવાર...** સાધુ પૂ. ભરતદાસજી અને સરદારગઢના ભક્તો છપૈયા, અયોધ્યા તેમજ ઉત્તર ભારતની તીર્થયાત્રા કરીને તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી પધાર્યા ત્યારે સૌને દર્શન-આશીર્વાદનું સુખ આપ્યું. વડોદરામાં શ્રી જિતુભાઈ, શ્રી ઉમેશભાઈ તથા સુશ્રી અરુણાબહેન ચોકસી દ્વારા કાર્યરત 'એવરેસ્ટ ડિગ્નિટી'માં પધારી, ત્યાં નિવાસ કરતા વડીલોને દર્શન-આશીર્વાદ આપ્યાં તથા સૌ કાર્યકર્તાઓની સેવા બદલ પ્રસન્નતા વ્યક્ત કરી. શંકરકાકા-હંસાબહેનના દીકરા ચિ. હર્ષ-ચિ. ભાગ્યેશ્રીની દીકરીની નામકરણ વિધિ નિમિત્તે યોજેલ મહાપૂજામાં પધારી ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૧૧ મે, રવિવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર દર રવિવારે યોજાતા 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના યજ્ઞ'માં પધારી યજમાન ભક્તોને આશીર્વાદ આપ્યા. 'અક્ષરમહોલ'માં શ્રી ઠાકોરજીનાં દર્શન, આરતી, ધૂન-પ્રાર્થના કરી રાત્રિસભામાં સૌને આશીર્વાદ આપ્યા.

**૧૨ મે, સોમવાર...** વડોદરાથી પધારેલ મહેશભાઈ-કલ્પુબહેન, દહેગામથી પધારેલ વાડીભાઈ અને પરિવારના મુક્તોને દર્શન-સમાગમનું સુખ આપ્યું. નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં અ.નિ. શરદભાઈ પંડ્યાના અક્ષરધામગમન નિમિત્તે પ્રાર્થના કરી પધારેલ સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૧૩ મે, મંગળવાર...** રાજકોટથી પધારેલ સંદીપભાઈ-દર્શનાબહેનને મુલાકાત આપી, દર્શન-સત્સંગગોષ્ઠિનો લાભ આપ્યો.

**૧૪ મે, બુધવાર...** યુ.કે. પરત પધારતાં બારીન્દ્રભાઈ-બિંદુબાને વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં. 'તીરથ'માં વ્રતધારી સંતોની અઠવાડિક સભામાં પધારી આશીર્વાદ આપ્યા. 'અક્ષરમહોલ'માં શ્રી ઠાકોરજીનાં દર્શન-

ધૂન-પ્રાર્થના કરી 'મંત્રદીક્ષા દિન' નિમિત્તે યોજેલ સભામાં પધારેલા સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા. યોગીજયંતી પર્વ નિમિત્તે સાધુ પૂ. રવિદાસજી દ્વારા કથિત 'યોગીજી મહારાજ જીવનમાહાત્મ્ય પારાયણ' સત્રનો પ્રારંભ કરાવ્યો.

**૧૫ મે, ગુરુવાર...** નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં 'યોગીજી મહારાજ જીવનમાહાત્મ્ય પારાયણ'માં પધારી સૌ સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૧૬ મે, શુક્રવાર...** પ.પૂ. પ્રેમસ્વરૂપવામીજી અને સંતો યુ.કે. પધારતા પૂર્વે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજી મહારાજનાં દર્શન કરી 'ઉપાસના'માં પધાર્યા, તેઓનાં સ્વાગત કરી ગોષ્ઠિનો લાભ આપ્યો તથા વિદાયની શુભેચ્છા અને આશીર્વાદ પાઠવ્યાં. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં 'યોગીજી મહારાજ જીવન- માહાત્મ્ય પારાયણ'માં પધારી સૌ સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૧૭ મે, શનિવાર...** તુંડી, ભાવનગર, અમદાવાદથી દર્શનાર્થે પધારેલા ભક્તોને દર્શન-આશીર્વાદ આપ્યાં. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન, ધૂન-પ્રાર્થના કરી 'યોગીજી મહારાજ જીવનમાહાત્મ્ય પારાયણ'માં પધારી સૌ સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૧૮ મે, રવિવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'પ્રજ્ઞાનતીર્થ'માં 'શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર-૨૦૨૫'ની ઉદ્‌ઘાટન સભામાં પધાર્યા. યુવકોના સ્વાગતના ભાવ ઝીલી સભામાં ઉપસ્થિત સૌ ૩૫૦ જેટલા શિબિરાર્થીઓને અને પધારેલ સૌ અક્ષરમુકતોને આશીર્વાદ પાઠવ્યા. રાત્રે 'અક્ષરમહોલ'માં 'યોગીજી મહારાજ જીવનમાહાત્મ્ય પારાયણ'માં પધારી સૌ સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા. દર્શનાર્થે પધારેલા ડૉ. વિજયભાઈ પટેલ (ફ્લૉરિડા-યુ.એસ.એ.) અને તેઓના મિત્ર હરેનભાઈ પંડ્યાનાં સ્વાગત કરી આશીર્વાદ આપ્યા.

**૧૯ મે, સોમવાર...** 'પ્રજ્ઞાનતીર્થ'માં 'શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર'માં પધારી સભામાં સૌ શિબિરાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા.

**૨૦ મે, મંગળવાર...** વિઝાનાં કામકાજ માટે તેમજ 'સામવેદ હૉસ્પિટલ'માં સર્જરી પછીના ફૉલોઅપ માટે અમદાવાદ પધાર્યા. બિમલભાઈ-નેહાબહેનના ઘરે પધરામણી કરી પ્રાર્થનાઓ કરી પરિવારજનોને તથા દ્વિજેનભાઈ પંચાલ અને પરિવારજનોને આશીર્વાદ આપ્યા. બપોરે દિવ્યેશભાઈ-અમીબહેનના ઘરે પધાર્યા. ત્યારબાદ મહેન્દ્રભાઈ-હંસાબહેન શાહના ઘરે પધરામણી કરી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન-પ્રાર્થના કરી. ઉપાસના ધામ મંદિરે શ્રી ઠાકોરજીનાં દર્શન કરી સભામાં ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપી મોડી રાત્રે બ્રહ્મજ્યોતિ પધાર્યા.

**૨૧ મે, બુધવાર...** સવારે 'પરિમલ' સંતનિવાસમાં પધારી સૌ સંતોને દર્શન-સાંનિધ્ય સાથે સત્સંગનું સુખ આપ્યું. 'શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર'માં પધાર્યા. પૂ. અશ્વિનદાદા ૧૯૬૬માં આજની તારીખે ગુરુદેવ યોગીજી મહારાજ પાસેથી વલ્લભવિદ્યાનગર પધાર્યા હતા તેમજ ૨૦૨૨માં આજની તારીખે સંતભગવંત સાહેબજીએ તેઓની અનુપમ મિશન સંસ્થાના પ્રમુખ તરીકે વરણી કરી હતી. આ બંને પ્રસંગોની વિશિષ્ટ ઉજવણી કર્યા બાદ સૌ શિબિરાર્થીઓને આશીર્વાદ પાઠવ્યા. સાંજે નિજ મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી. રાત્રે શિબિરમાં પ્રશ્નોત્તરીના કાર્યક્રમમાં પધારી શિબિરાર્થીઓના પ્રશ્નોના ઉત્તર આપી સૌને સત્સંગનું અદ્‌ભુત સુખ આપ્યું.

**૨૨ મે, ગુરુવાર...** સવારે 'પ્રજ્ઞાનતીર્થ'માં 'શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર'માં પધારી સૌ શિબિરાર્થીઓને આશીર્વાદ આપ્યા.

**૨૩ મે, શુક્રવાર...** 'શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર'ના સૌ શિબિરાર્થીઓ 'પ્રજ્ઞાનતીર્થ'થી પ્રભાતફેરી કરી બ્રહ્મજ્યોતિમાં નિજ મંદિરે, સમાધિસ્થાને તેમજ 'અક્ષરમહોલ'માં દર્શન કરી 'ઉપાસના'માં પધાર્યા ત્યારે સૌ શિબિરાર્થીઓ સાથે ગ્રુપ ફોટા પડાવી દિવ્ય સ્મૃતિ આપી આશીર્વાદ પાઠવ્યા. યોગીજી મહારાજ સ્મૃતિદિન નિમિત્તે યોજેલ કીર્તન આરાધનામાં અંતાક્ષરી સ્વરૂપે પ્રસ્તુત થયેલ કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા સૂરવૃંદના યુવાનો, ઉપસ્થિત સૌ સંતો, શિબિરાર્થીઓ, અક્ષરમુકતોને આશીર્વાદ આપ્યા.

**૨૪ મે, શનિવાર...** યોગીજી મહારાજના તિથિ પ્રાગટ્યદિન નિમિત્તે મંદિરજીમાં પધારી શ્રી ઠાકોરજી સમક્ષ આરતી, ધૂન-પ્રાર્થના અર્પણ કરી. 'શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર'માં પધારી અમદાવાદથી દ્વિજેનભાઈ સાથે પધારેલ જંકિતભાઈ પ્રજાપતિ, સનાભાઈ વાઘેલાનાં સ્વાગત-અભિવાદન કરી આશીર્વાદ આપ્યા. સાંજે શિબિરાર્થીઓ દ્વારા 'શ્રી ગુરુઆજ્ઞા મહિમા પર્વ' અંતર્ગત પ્રસ્તુત વિશિષ્ટ ભક્તિસભર સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે પધારેલા આણંદના સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ આદિ મહાનુભાવોને સત્કાર્યા. સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળી સૌ શિબિરાર્થીઓ ઉપર રાજીપો વરસાવ્યો તેમજ મોટી સંખ્યામાં પધારેલા મહેમાનોને આશીર્વાદ આપ્યા.

**૨૫ મે, રવિવાર...** 'શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર'ની પૂર્ણાહુતિ સભામાં શિબિરાર્થીઓના પ્રતિભાવ સાંભળી, પ્રસન્નતાના આશીર્વાદ પાઠવ્યા. શિબિરની સફળતા માટે સેવામાં હોમાઈ ગયેલા સંતો, કાર્યકર્તાઓનાં અભિવાદન કરવામાં આવ્યાં. બ્રહ્મજ્યોતિમાં સાંજે યોજેલ 'શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના યજ્ઞ'માં પધારી સૌ યજમાન અક્ષરમુક્તોને આશીર્વાદ પાઠવ્યા. રાજકોટ નિવાસી સંદીપભાઈ હરણિયા-દર્શનાબહેનની ફૅક્ટરીના મંદિરની મૂર્તિઓ તેમજ માણાવદર નિવાસી હરિભાઈ મારડિયા-હંસાબહેનના ઘરમંદિરની મૂર્તિઓનાં પૂજન કરી આશીર્વાદ પાઠવ્યા. નિજ મંદિરે શ્રી ઠાકોરજી મહારાજની મૂર્તિઓનાં દર્શન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. બ્રહ્મજ્યોતિમાં નિવાસ કરતાં એના નિવાસી રુખીમાસીને મળવા પધારી તેઓના નિરામય સ્વાસ્થ્ય માટે ધૂન કરી આશીર્વાદ પાઠવ્યા.

**૨૬ મે, સોમવાર...** હિતેશભાઈ-ભારતીબહેન યુ.એસ.એ. પરત પધારતાં હોવાથી તેઓને વિદાયની શુભેચ્છા-આશીર્વાદ પાઠવ્યાં. બપોરે અતુલ (વલસાડ)થી ડૉ. રામસિંહભાઈ અક્ષરધામ પધાર્યાના સમાચાર મળતાં ફોન દ્વારા તેઓનાં ધર્મપત્ની ભાવનાબહેનને સાંત્વન સાથે આશીર્વાદ પાઠવ્યા તથા કેટલાક સંતોને આશીર્વાદ આપી અતુલ (વલસાડ) મોકલ્યા. મૂળ ઉત્તરસંડાના સહાધ્યાયી ભૂપેન્દ્રભાઈ તથા પરિવારના મુક્તોને મુલાકાત આપી ગોષ્ઠિનું સુખ આપ્યું. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં 'યોગીજી મહારાજ જીવનમાહાત્મ્ય પારાયણ'માં પધારી સૌ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા યુ.કે. પરત પધારતા સાધુ પૂ. જયેન્દ્રદાસજીને વિદાયની શુભેચ્છા-આશીર્વાદ પાઠવ્યાં.

**૨૭ મે, મંગળવાર...** 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં 'યોગીજી મહારાજ જીવનમાહાત્મ્ય પારાયણ'માં પધારી સૌ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. મુંબઈથી પધારેલ બેચરભાઈ, સિંહાસાહેબને સત્કાર્યા. તેઓએ નિર્માણ કરેલ EMR મશીનનો ભેટ સ્વરૂપે સ્વીકાર કરી આશીર્વાદ પાઠવ્યા.

**૨૮ મે, બુધવાર...** વ્રતધારી સંતોની અઠવાડિક સભામાં 'તીરથ'માં પધારી આશીર્વાદ આપ્યા. મંદિરજીમાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી. દર્શનાર્થે પધારેલ જે.કે. મીનાસાહેબ (GST કમિશ્નરશ્રી), મનીષભાઈ શાહ (કાનન ઈન્ટરનેશનલ)નાં પૂજન કરી આશીર્વાદ આપ્યા. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં 'યોગીજી મહારાજ જીવનમાહાત્મ્ય પારાયણ'માં પધારી સૌ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. યુ.કે.થી પધારેલ વિજયકુમાર-દર્શનાબહેનનાં સ્વાગત કરી આશીર્વાદ આપ્યા.

**૨૯ મે, ગુરુવાર...** યુ.એસ.એ. પરત પધારતાં સુનીતાબહેનને વિદાયની શુભેચ્છા-આશીર્વાદ પાઠવ્યાં. મંદિરજીમાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં 'યોગીજી મહારાજ જીવનમાહાત્મ્ય પારાયણ'માં પધારી સૌ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૩૦ મે, શુક્રવાર...** મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી. રાત્રિસભામાં 'યોગીજી મહારાજ જીવનમાહાત્મ્ય પારાયણ'માં પધારી સૌ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૩૧ મે, શનિવાર...** અનુપમ મિશન, યુ.કે. કેન્દ્રમાંથી પધારેલ ભાવિશાબહેનને સત્કારી આશીર્વાદ પાઠવ્યા. મંદિરજીમાં શ્રી ઠાકોરજીનાં દર્શન-ધૂન-પ્રાર્થના કરી. રાત્રિસભામાં 'યોગીજી મહારાજ જીવનમાહાત્મ્ય પારાયણ'માં પધારી સૌ સંતો-ભક્તોને આશીર્વાદ પાઠવ્યા. ◆

## ઉપાસના ધામ, સુરત મંદિરની મૂર્તિઓનો ૧૮મો પાટોત્સવ

૧૪ મે ૨૦૨૫ના રોજ સુરત-ઉપાસના ધામ સ્થિત મંદિરની મૂર્તિઓનો ૧૮મો પાટોત્સવ ભાવપૂર્વક ઉજવાયો. આ પ્રસંગે બ્રહ્મજ્યોતિ, મોગરીથી સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજી સાથે ૧૩ જેટલા સંતો આશીર્વાદ આપવા પધાર્યા. દાસકાકા (સુરત), શંકરદાદા (વડોદરા), ચંદ્રકાંતભાઈ (વેમાર) આદિ વડીલ મહેમાનો તથા મોટી સંખ્યામાં સ્થાનિક ભક્તો આ પ્રસંગે પધાર્યા.

શ્રીજી મહારાજ, શ્રી ગુણાતીતાનંદ સ્વામી, શ્રી ગોપાળાનંદ સ્વામી અને સર્વે ગુણાતીત સ્વરૂપોની મૂર્તિઓની પાટોત્સવ વિધિ સૌ સંતો સાથે ૨૫ યજમાન ભક્તો દ્વારા કરવામાં આવી. પાટોત્સવ વિધિ બાદ સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ અદ્‌ભુત આશીર્વાદ વરસાવતાં ગુરુઆજ્ઞા પાલનનો યથાર્થ મહિમા સમજાવ્યો. પાટોત્સવની મુખ્ય સભાનું આયોજન પટેલ સમાજની વાડી ખાતે કરવામાં આવ્યું. મંદિરે પાટોત્સવ બાદ સૌ કોઈ સભા સ્થળે પધાર્યાં. દીકરીઓ દ્વારા સુંદર ભક્તિનૃત્ય કરી સંતોનું સ્વાગત કરવામાં આવ્યું. બિમલભાઈ સુખડિયાના સ્વાગત પ્રવચન બાદ પ્રાસંગિક ઉદ્‌બોધન દિયા વાડોદરિયાએ કર્યું, જેમાં પોતાના જીવનમાં મંદિરે જવાથી અને ગુરુઆજ્ઞાનું પાલન કરવાથી થયેલ ફાયદાની સુંદર વાતો કરી. વડીલ સાધુ પૂ. કાનજીદાસજીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સુરત સ્થિત મંદિરનાં ૧૮ વર્ષની ઐતિહાસિક વાતો કરી મહિમા ગાયો. પાટોત્સવ સભામાં દિવ્યાંગજનોની સેવા કરતા ગુજરાત સરકારના પદ્મશ્રી એવૉર્ડ ધારક આદર્શ દિવ્યાંગજન શ્રી કનુભાઈ ટેલર પધાર્યા, તેઓએ પોતાના જીવનમાં સંતભગવંત સાહેબજી સાથેના અનુભવોના આધારે મહિમાની અદ્‌ભુત વાતો કરી.

પૂ. અશ્વિનદાદાએ સર્વ ભક્તોને ગુણાતીતભાવમાં રહેવા તેમજ સંતભગવંત સાહેબજી જેવા સંપૂર્ણ ભાવથી બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની આજ્ઞાઓનું પાલન કરતા તેવી રીતે સૌને આજ્ઞાપાલન કરવા માટેની પ્રેરણા આપી, આશીર્વાદ વરસાવી સૌને આધ્યાત્મિક સુખમાં તરબોળ કરી દીધાં.

મંદિરનાં સુશોભન માટે રતનબહેન નાવડિયાનાં માર્ગદર્શનથી સૌરાષ્ટ્રનું પ્રખ્યાત ભરતકામ ૭૦ વર્ષથી વધુ ઉંમરનાં સેવાભાવી સ્થાનિક બહેનો દ્વારા સંતભગવંત સાહેબજીને રાજી કરવાના અનુસંધાને કરવામાં આવ્યું. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ તે સૌ વડીલોને ખેસ અર્પણ કરી બિરદાવ્યાં. સંતોની સંનિધિ અને પાટોત્સવના આધ્યાત્મિક આનંદને માણી સૌ ધન્ય થયાં. અંતરમાં સત્સંગસુખ ભરીને સૌ વિસર્જિત થયાં. ◆

## શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર-૨૦૨૫

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે સત્સંગના યુવાઓ માટેની 'શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર' સંતભગવંત સાહેબજીની પ્રેરણા ને કૃપાશિષથી ૧૮થી ૨૫મે ૨૦૨૫ દરમિયાન સફળતાપૂર્વક સંપન્ન થઈ. અનુપમ મિશનના મોગરી સ્થિત શૈક્ષણિક સંકુલ 'પ્રજ્ઞાનતીર્થ' ખાતે યોજિત આ શિબિરમાં અનુપમ મિશન, ભારતનાં વિવિધ કેન્દ્રો અને મંડળોમાંથી ૩૫૦થી વધુ બાળકો-બાલિકાઓ અને યુવાનો-યુવતીઓએ ભાગ લીધો. આ



પાટોત્સવ પૂજનવિધિનો લાભ લેતા યજમાન અક્ષરમુક્તો

શિબિરનું ધ્યેયસૂત્ર આ વર્ષે ઉજવાતા 'ગુરુઆજ્ઞા મહિમા પર્વ' નિમિત્તે સંતભગવંત સાહેબજીએ સ્વહસ્તે લખી આપ્યું : 'ગુરુઆજ્ઞાનું પાલન : સાચાં ગુરુ દર્શન, સાચાં ગુરુ વંદન !' આ સૂત્રને કેન્દ્ર સ્થાને રાખી સમગ્ર શિબિરનાં આયોજન થયાં.

૧૭ મે ૨૦૨૫ના રોજ સૌ શિબિરાર્થીઓએ શિબિર સ્થળે પધારી રજિસ્ટ્રેશન કાર્ય પૂર્ણ કર્યું. ૧૮ મેના રોજ સંતભગવંત સાહેબજીની દિવ્ય સંનિધિમાં સવારે ઉદ્‌ઘાટન સભા યોજાઈ. સભા પ્રારંભે શિબિરસંચાલક સાધુ પૂ. યજ્ઞેશદાસજીએ શિબિરની રૂપરેખા આપી સૌને શિબિર કાર્યક્રમોથી માહિતગાર કર્યા. પૂનાના ધૈર્ય પટેલે ગુરુઆજ્ઞા મહિમા પ્રસરાવતું ચોટદાર વક્તવ્ય રજૂ કર્યું. ત્યારબાદ વ્રતધારી સંતો અને વિવિધ પ્રદેશના સક્રિય યુવાનેતાઓ દ્વારા દીપ પ્રગટાવીને શિબિરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકા, પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજીએ આશીર્વાદ વરસાવી સૌને અદ્‌ભુત લાભ આપ્યો. શિબિરાર્થીઓ દ્વારા 'ગુરુઆજ્ઞા મહિમા' પ્રદર્શની પણ તૈયાર કરાઈ, જેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણથી લઈને સંતભગવંત સાહેબજી તથા ભગવાન શ્રી રામ, ભગવાન શ્રી કૃષ્ણ અને ભારતીય અધ્યાત્મસંસ્કૃતિનાં પ્રેરણાદાયી અનેક પાત્રોની જીવનગાથા કલાત્મક અને આકર્ષક રીતે પ્રસ્તુત કરવામાં આવી. આ પ્રદર્શનીનાં મુકતાર્પણ સદ્‌ગુરુ સાધુઓએ સંતો, શિબિરાર્થીઓની ઉપસ્થિતિમાં કર્યાં.

શિબિરનાં સુચારુ વ્યવસ્થાપન માટે બાળકો-બાલિકાઓ અને યુવાનો-યુવતીઓના જુદા જુદા વિભાગોમાં પ્રવૃત્તિઓનાં આયોજન કરવામાં આવ્યા. યુવાનો અને યુવતીઓના વિભાગમાં સવારની સભામાં



દીપપ્રાગટ્ય દ્વારા શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર-૨૦૨૫નાં ઉદ્‌ઘાટન

ગુરુઆજ્ઞા પાલન અને તેનાં મહત્ત્વ અંગે સંતોએ અદ્‌ભુત વાતો કરી. ગુરુઆજ્ઞા પાલનની અનિવાર્યતા અને મહત્ત્વ સમજાવ્યાં. પોતાના ગુરુની આજ્ઞાનાં પાલન શિષ્યોએ કર્યાં તેની વાતો સાધુ પૂ. બિમલદાસજી, પૂ. રવિદાસજી, પૂ. યજ્ઞેશદાસજી, પૂ. સરજુદાસજી, પૂ. સતીશદાસજી અને પૂ. ઉત્પલદાસજીએ અદ્‌ભુત રીતે કરી. સંતભગવંત સાહેબજીએ તેઓના ગુરુ યોગીજી મહારાજની આજ્ઞાપાલનમાં વિતાવેલ જીવનની અદ્‌ભુત ઝાંખી સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા અને પૂ. મનોજદાસજીએ કરાવી. વિડીયોદર્શન દ્વારા પણ સંતભગવંત સાહેબજીના ગુરુઆજ્ઞા પાલનના અદ્‌ભુત પ્રસંગોને પ્રસ્તુત કરાયા. સદ્‌ગુરુ સંતો દ્વારા બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને ગુરુહરિ સંતભગવંત સાહેબજીની આજ્ઞાનાં જડબેસલાક પાલન અંગે સાધુ પૂ. પંકજદાસજી અને પૂ. રાજુદાસજીએ વાતો કરી. આ ઉપરાંત દરરોજ સભામાં સદ્‌ગુરુ સંતો દ્વારા આધુનિક સમયમાં યુવાનોને ગુરુની આજ્ઞાનાં પાલન માટે અવરોધક પડકારોનાં નિવારણ અંગે સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યાં.

શિબિર દરમિયાન ઐતિહાસિક ૨૧ મેનો દિવસ આવ્યો કે જે દિવસે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાને સન ૧૯૬૬ની સાલમાં યોગીજી મહારાજે ગોટલીનો પ્રસાદ અને પત્ર આપી કાયમ માટે સંતભગવંત સાહેબજીની સેવામાં મોકલી આપ્યા હતા. અને સન ૨૦૨૨માં તે જ દિવસે સંતભગવંત સાહેબજીએ તેઓને અનુપમ મિશનના પ્રમુખપદે અને સૌના ગુરુપદે સ્થાપ્યા હતા; તે પુનિત પ્રસંગોની ઉજવણી વિશેષ રીતે કરવામાં આવી. યુવતીઓએ સુંદર ભાવનૃત્ય સાથે સભામાં પૂ. અશ્વિનદાદાનાં સ્વાગત કર્યાં.

૨૩ મે ૨૦૨૫ની વહેલી સવારે 'પ્રજ્ઞાનતીર્થ'થી બ્રહ્મજ્યોતિ સુધીની ભક્તિફેરી યોજાઈ. સૌ એકસરખાં વસ્ત્રોમાં સજ્જ બની જયનાદ ને ધૂનગાન સાથે આ ભક્તિયાત્રામાં જોડાયાં. બ્રહ્મજ્યોતિનાં પ્રાસાદિક સ્થાનોનાં અને મંદિરજીમાં શ્રી ઠાકોરજી મહારાજનાં દર્શન પામી સૌ ધન્ય થયાં. રાત્રે ગુરુદેવ યોગીજી મહારાજના તારીખ મુજબના ૧૩૪મા પ્રાગટ્યદિનની ઉજવણી તથા માસિક સ્મૃતિદિન નિમિત્તે કીર્તન આરાધનામાં શિબિરાર્થીઓ અને અનુપમ સૂરવૃંદના સંતો દ્વારા અંતાક્ષરીના વિશિષ્ટ સમન્વય સાથે અદ્‌ભુત કીર્તનવંદના અર્પણ કરાઈ.

૨૪ મે ૨૦૨૫ના રોજ ગુરુદેવ યોગીજી મહારાજના ૧૩૪મા પ્રાગટ્યદિનની સભા યોજાઈ, જેમાં સદ્‌ગુરુ સંતો પૂ. રતિકાકા, પૂ. અશ્વિનદાદા, પૂ. મનોજદાસજીએ સુંદર મહિમાગાન કર્યાં. સંતભગવંત

સાહેબજીએ આશીર્વાદ વરસાવી સૌને કૃતાર્થ કર્યાં. રાત્રે ગુરુદેવ યોગીજી મહારાજના પ્રાગટ્યદિનની ઉજવણીના ભાગ રૂપે અદ્‌ભુત અને ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો. શિબિરાર્થીઓ દ્વારા જ નૃત્ય, સંવાદ અને નૃત્યનાટિકા દ્વારા ગુરુઆજ્ઞા મહિમા અને ગુરુદેવ યોગીજી મહારાજનાં માહાત્મ્યને અત્યંત વિશિષ્ટ અને હૃદયભેદક રીતે પ્રસ્તુત કરાયાં. આ પ્રસંગે આણંદના સાંસદશ્રી મિતેશભાઈ પટેલ, ઉદ્યોગસાહસિક શ્રી મેહુલભાઈ પટેલ, ચરોતર ઍજ્યુકેશન સોસાયટીના મંત્રીશ્રી કે. ડી. પટેલ, સત્સંગના માનવંતા મહેમાનો, અગ્રણીઓ આદિ વિશેષ ઉપસ્થિત રહ્યા. આ બંને કાર્યક્રમનાં લાઈવ વૅબકાસ્ટ કરવામાં આવ્યાં જેનું પ્રસારણ દેશ-વિદેશના હજારો ભક્તોએ માણ્યું.

દરરોજ સવારે સભામાં આગલા દિવસની સભાઓનું દઢીકરણ કરાવતી કસોટી લેવાતી, જેને સૌ શિબિરાર્થીઓ હોંશે હોંશે આપતા. તેમજ શિબિરાર્થીઓના જીવનમાં ગુરુઆજ્ઞા પાલનથી થયેલા સુખદ અનુભવો અને આવેલાં હકારાત્મક પરિણામોનાં મહિમાગાનનાં પ્રિરેકોર્ડેડ વિડીયોદર્શન કરીને પણ સૌ પ્રેરણા પામતાં.

બપોરના સત્રમાં યુવાનો-યુવતીઓએ વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. સાધુ પૂ. રવિદાસજીએ આર્ટ-ક્રાફ્ટ પ્રવૃત્તિ કરાવી, જેમાં સાધુ પૂ. રમેશદાસજી ઝા અને પૂ. અનિલદાસજી અતિથિ સ્વરૂપે પધાર્યા. આ સત્રમાં શિબિરાર્થીઓ દ્વારા બનાવેલ કલાત્મક હાર અને કલગી સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોને પૂર્ણાહુતિ દિવસે અર્પણ કરવામાં આવી. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ વિડીયોદર્શનના માધ્યમથી સૉશિયલ મીડિયાના વિવેકપૂર્ણ ઉપયોગ, માતા-પિતાના આદર અને ગુરુ આજ્ઞાપાલનનાં મહત્ત્વ અંગે અદ્‌ભુત માર્ગદર્શન આપ્યાં. સાધુ પૂ. રવિદાસજીએ સત્સંગની હાઉસી ગેમ રમાડી શ્રી ઠાકોરજીના શણગારમાં વપરાતી વસ્તુઓ તથા સત્સંગના શબ્દોની સમજ આપી. સત્સંગ શિક્ષણ કસોટી આપીને પ્રત્યેક શિબિરાર્થીઓએ સત્સંગમાં પોતાનું જ્ઞાન તપાસ્યું. બાળકો-બાલિકાઓ, યુવાનો-યુવતીઓના વિભાગમાં સૌથી વધુ માર્ક્સ મેળવનાર પ્રથમ ૩ વિજેતાઓને ઇનામ અર્પણ કરીને પ્રોત્સાહિત કરાયાં.

યુવાનો-યુવતીઓના વિભાગમાં નિત્ય સાંજે રમતગમતના સુંદર કાર્યક્રમો યોજાયા. યુવાનોએ 'શાંતિ સ્પૉર્ટ્સ લીગ'માં ભાગ લઈ, વિવિધ રમતો રમી ઉત્કૃષ્ટ દેખાવ કર્યો. આ લીગમાં વિજેતા શિબિરાર્થીઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરાયા. આ લીગનાં ઉદ્‌ઘાટન સાધુ પૂ. અર્પિતદાસજી, પૂ. નીરવદાસજી, પૂ. પ્રેરકદાસજીએ કર્યાં. શિબિર દરમિયાન જ એક સાંજે 'બ્રહ્મભોજ' કાર્યક્રમમાં શિબિરાર્થીઓ દ્વારા મહાપ્રસાદ તૈયાર કરવામાં આવ્યો, જેને સંતો-ભક્તો અને સ્વયં સંતભગવંત સાહેબજીએ માણ્યો. આ કાર્યક્રમનાં મુક્તાર્પણ સાધુ પૂ. સતીશદાસજી, પૂ. હરેશદાસજી અને પૂ. જગદીશદાસજીએ કર્યાં તથા સૌ શિબિરાર્થીઓની કલાને બિરદાવી શુભકામનાઓ પાઠવી.

નિત્ય રાત્રિ પ્રવૃત્તિઓ પણ વિશેષ બની રહી. એક રાત્રે સંતભગવંત સાહેબજી સાથે શિબિરાર્થીઓની પ્રશ્નોત્તરી યોજાઈ. શિબિરાર્થીઓ દ્વારા પુછાયેલા પ્રશ્નોનાં ત્વરિત અને હૃદયસ્પર્શી આધ્યાત્મિક માર્ગદર્શન આપી સંતભગવંત સાહેબજીએ સૌના પ્રશ્નોનાં નિરાકરણ કર્યાં.

યુવાનોના વિભાગમાં એક સવારે નિત્ય પ્રાત:પૂજા શીખની સમજણ સંતો દ્વારા અપાઈ, જેમાં વડીલ સાધુ પૂ. વાસુદેવદાસજીએ વિશેષ પધારી આશીર્વાદ પ્રદાન કર્યા. બપોરના એક સત્રમાં શિબિરાર્થીઓએ સાધુ પૂ. રવિદાસજી, પૂ. સરજુદાસજી, પૂ. હરમીતદાસજી સાથે ગોષ્ઠિ-સમાગમ કરી આનંદ માણ્યો તથા બીજા એક સત્રમાં તેઓ પાસેથી પૂજન, થાળ, આરતી આદિ સત્સંગની રીતિ અને વિધિઓ અંગેનું સુંદર માર્ગદર્શન મેળવ્યું. રાત્રે 'બ્રહ્માનંદ' કાર્યક્રમમાં સૌએ સ્મૃતિઓ એકત્ર કરી. ક્વિઝનો કાર્યક્રમ પણ યોજાયો, જેમાં વડીલ સાધુઓ પૂ. વાસુદેવદાસજી, પૂ. રમેશદાસજી દયાળુ, પૂ. દિવ્યેશદાસજી નિર્ણાયક સ્વરૂપે પધાર્યા અને આનંદ કરાવ્યો. એક રાત્રે યુવાનો માટે યોજિત ટીમ બિલ્ડિંગ ગેઇમ કે જેનાં ઉદ્‌ઘાટન સાધુ પૂ. રાજુદાસજી, પૂ. ઘનશ્યામદાસજી બિરલા અને પૂ. નરેન્દ્રદાસજીએ કર્યાં અને યુવાનો સાથે ભળી જઈને આનંદ કરાવ્યો.

યુવતીઓના વિભાગમાં નિત્યપૂજા, યજ્ઞનાં આયોજન થયાં, જેમાં સૌ દીકરીઓએ જોડાઈ આધ્યાત્મિક સમજણ પાકી કરી. એક રાત્રે ભજન-અંતાક્ષરીનો આનંદ માણી સૌએ કીર્તનગાનની રમઝટ બોલાવી. શિબિર દરમિયાન એક રાત્રે યુવતીઓએ રંગતાળી કાર્યક્રમમાં ગરબાનો આનંદ માણી બ્રહ્માનંદ કર્યો. બપોરના એક સત્રમાં પૃથાબહેન સોનીએ સત્સંગ અને જીવનના સમન્વયને અદ્‌ભુત રીતે સમજાવી યુવતીઓને માર્ગદર્શન પ્રદાન કર્યું. અમદાવાદથી પધારેલ શ્રીમતી રશ્મિબહેન કશ્યપ દ્વારા એક દિવસ યુવતીઓને મોટિવેશનલ વક્તવ્ય દ્વારા જીવનને ઊર્ધ્વગામી અને સશક્ત બનાવવા અંગે સમજણ અપાઈ.

બાળકોના વિભાગમાં દરરોજ બપોરે ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત પરંપરાનાં સ્વરૂપોનાં જીવનદર્શન બાળવિભાગના લીડર્સ દ્વારા વક્તવ્ય, પ્રવૃત્તિ અને વિડીયોદર્શનનાં માધ્યમથી કરાવાયાં. આ ઉપરાંત દંડવત્ અને પંચાંગ પ્રણામ, આરતી, થાળ, નિત્યપૂજા,

મંત્રજાપ, માતા-પિતાને વંદન આદિ વિષયોની રીત સમજાવી તેનાં મહત્ત્વ અંગે અત્યંત તલસ્પર્શી માર્ગદર્શન અપાયું. મૉબાઇલ, ટી.વી.ના વિવેકપૂર્ણ ઉપયોગ અંગે પણ બાળકો સમજી શકે તે રીતે માર્ગદર્શન અપાયું. બપોરના સત્રમાં રંગપૂર્તિ, આર્ટ-ક્રાફ્ટ, આરતીની થાળીનાં સુશોભન આદિ સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં પરોવાઈને બાળકોએ સત્સંગ સાથે જોડાણ પાકું કર્યું.

પૂર્ણાહુતિ સભામાં ભૂતપૂર્વ શિબિરાર્થીઓ અને યુવાનેતાઓ બ્રિજભાઈ પટેલ, દિવ્યાંગભાઈ પટેલ દ્વારા સુંદર અનુભવદર્શન અને મહિમાગાન થયાં. શિબિરની સફળતા માટે આર્થિક અને અન્ય પ્રકારે સહયોગ પ્રદાન કરનાર સૌ મહાનુભાવો, અક્ષરમુક્તોનાં વિશેષ સન્માન મૉમેન્ટો આપીને કરવામાં આવ્યાં. શિબિરાર્થીઓને શિબિર દરમિયાન થયેલા અનુભવોનાં દર્શન બંને વિભાગના પ્રતિનિધિઓએ કરાવ્યાં અને ધન્યતા વ્યક્ત કરી સંતભગવંત સાહેબજીનો આવી ઉત્તમ શિબિર યોજવા બદલ આભાર વ્યક્ત કર્યો. સદ્‌ગુરુ સાધુ પૂ. રતિકાકા, પૂ. મનોજદાસજી, પૂ. અશ્વિનદાદા અને સંતભગવંત સાહેબજીએ નવા આરંભ માટેના અદ્‌ભુત આશીર્વાદ પ્રદાન કર્યા. સમગ્ર શિબિરમાં અનેક સંતો, મહાનુભાવોએ પધારી શિબિરાર્થીઓને માર્ગદર્શન, સમજણ અને સ્મૃતિઓ આપ્યાં. શિબિરની વિવિધ પ્રવૃત્તિઓ માણવા સ્થાનિક ભક્તો પણ મોટી સંખ્યામાં પધાર્યા અને શિબિરાર્થીઓની ભક્તિ અને કૌશલ્યોને બિરદાવ્યાં.

સમગ્ર શિબિરનાં સફળ સંચાલન અને ભક્તિપૂર્ણ આયોજનની સેવા સાધુ પૂ. યજ્ઞેશદાસજી, પૂ. પરેશદાસજી, પૂ. કેયૂરદાસજી, પૂ. શ્રેયસદાસજી, પૂ. પિનાકીનદાસજી, પૂ. અનિલદાસજીનાં માર્ગદર્શન મુજબ યુવાનોના વિભાગમાં પૂ. રવિદાસજી, પૂ. નીરવદાસજી તથા પૂ. સરજુદાસજી, પૂ. હરમીતદાસજી, પૂ. શિલ્પદાસજી, પૂ. હાર્દિકદાસજી, પૂ. જયદાસજી, પૂ. ગૌરવદાસજી, પૂ. દીપદાસજી, પૂ. કીર્તનદાસજી આદિએ તેમજ બહેનોના વિભાગમાં સીમાબહેન, ડૉ. ઋજુબહેન, રીમાબહેન, પૂજાબહેન, હિરવાબહેન, તૃપ્તિબહેન, ઊર્જાબહેન, નિકેતાબહેન આદિએ સંભાળી અને ગુરુહરિની અંતરની પ્રસન્નતા પ્રાપ્ત કરી. યુવાઓનાં સર્વાંગી વિકાસ અને આધ્યાત્મિક ઘડતર કરનારી આ શિબિર અનેક રીતે વિશિષ્ટ બની રહી. ◆

## કિડ્‌સ મેલા કૅમ્પ

અમેરિકાના ફ્રિમૉન્ટ સત્સંગકેન્દ્રમાં ૧૨ મે ૨૦૨૫ના રોજ મંડળ પ્રમુખ ભાવેશભાઈ પટેલનાં માર્ગદર્શન હેઠળ સ્થાનિક બાળકો માટે ભારતીય પરંપરાગત બાબતો સાથે જોડતા મેળાનું સુંદર આયોજન થયું. આ મેળામાં વાર્તાઓ, વિડીયોદર્શન, પ્રેઝન્ટેશન દ્વારા ભાતીગળ સંસ્કૃતિની સમજ બાળકોને આપવામાં આવી. પારંપરિક વેશભૂષામાં બાળકોએ ફોટો પડાવી, વિવિધ રમતો રમી, પારંપરિક વ્યંજનોનો આસ્વાદ માણી ખૂબ આનંદ કર્યો. આ સુંદર કાર્યક્રમ માટે યુવાનો તથા મંડળના સક્રિય કાર્યકર્તાઓએ અદ્‌ભુત સેવાઓ કરી. પરદેશમાં ભારતીય સંસ્કૃતિ અને દેશ સાથે જોડાયેલા રહેવા માટેના આ પ્રયત્નને સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોએ બિરદાવી પ્રસન્નતા વરસાવી. ◆

## શ્રદ્ધાંજલિ



*** પૂ. ડૉ. રામસિંહ પરમાર :** અત્યંત નિષ્ઠાવાન અક્ષરમુક્ત પૂ. ડૉ. રામસિંહ પરમાર ૨૬ મે ૨૦૨૫ના રોજ અક્ષરધામ સિધાવ્યા. ડૉ. રામસિંહભાઈ અને તેઓનાં ધર્મપત્ની ભાવનાબહેનને સત્સંગનો સદાય ચડતો રંગ રહ્યો. તેઓ હૈદરાબાદમાં રહેતાં હતાં ત્યારે ત્યાં પોતાનાં ભક્તિભર્યાં જીવનને લીધે અદ્‌ભુત સત્સંગમંડળ સ્થપાયું, જે નિયમિત અઠવાડિક સત્સંગસભા અને સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે. અનેક વખત સંતભગવંત સાહેબજી અને સંતો હૈદરાબાદ પધારે ત્યારે તેમનાં વિચરણ અને અન્ય સઘળી વ્યવસ્થા રામસિંહભાઈ-ભાવનાબહેન જ કરતાં. વલસાડના અતુલમાં સ્થળાંતર થયાં તો ત્યાં પણ સત્સંગીઓને ભેગા કરી પોતાના ઘરે અઠવાડિક સત્સંગસભા શરૂ કરી. ગુજરાતથી મુંબઈ જતા સંતો-ભક્તો રસ્તામાં રામસિંહભાઈના ઘરે અચૂક પધારે. સંતભગવંત સાહેબજી સામેથી ફોન કરીને ભક્તોને તેઓના ઘરે જવા આજ્ઞા કરે. તે સૌની સ્વાગત-સરભરા તથા અલ્પાહાર, મહાપ્રસાદની સેવા કરી આ ભક્તિવાન દંપતીએ જીવન ધન્ય કર્યું. સેવા, ભક્તિ, શ્રદ્ધા અને મહિમાથી ભર્યા ડૉ. રામસિંહભાઈ સ્વભાવે શાંત અને મૃદુ તેથી સૌના પ્રિય અને સ્નેહી બન્યા ! સત્સંગ અને જીવનના આવા જ મૂલ્યનિષ્ઠ સંસ્કાર તેઓએ તેમના સુપુત્ર ઋષિલમાં વાવ્યા. રામસિંહભાઈ-ભાવનાબહેનને પ્રભુના કર્તાપણાનો અદ્‌ભુત સ્વીકાર તેઓનાં વર્તનમાં છલકાય. સંતભગવંત સાહેબજી તેથી જ તેઓ પર સવિશેષ પ્રસન્ન રહેતા. રામસિંહભાઈના અચાનક અક્ષરધામગમન પ્રસંગે પણ અનન્ય સમતા અને સ્થિરતા પરિવારનાં સૌએ દર્શાવી. રામસિંહભાઈની વિદાય સત્સંગ અને પરિવારનાં સૌ કોઈ માટે ખૂબ મોટી ખોટ છે. પ્રભુ સૌને બળ અર્પે અને તેઓના આત્માનાં કલ્યાણની યાત્રા અવિરત વહેતી રહે તેવી આ પ્રસંગે પ્રગટ ગુરુહરિના ચરણોમાં પ્રાર્થના સાથે રામસિંહભાઈને શ્રદ્ધાંજલિ અર્પણ ! ◆



સદ્ગુરુ સંતો દ્વારા 'શ્રી ગુરુઆજ્ઞા મહિમા પ્રદર્શની'નાં મુક્તાર્પણ



'શ્રી ગુરુઆજ્ઞા મહિમા પ્રદર્શની'નાં દર્શન અને માહાત્મ્યને માણતા સંતો



સંતોનાં સાંનિધ્યે આનંદ માણતા બાળ શિબિરાર્થીઓ



નિત્ય પ્રાતઃપૂજાની શીખ મેળવતા શિબિરાર્થીઓ



પ્રભાતફેરીમાં બ્રહ્મજ્યોતિ, મોગરીનાં પ્રાસાદિક સ્થાનોનાં દર્શનાર્થે શિબિરાર્થીઓ



સત્સંગ શિક્ષણ કસોટીમાં સહભાગી શિબિરાર્થીઓ




યોગીમાહાત્મ્ય કીર્તન આરાધના પ્રસ્તુત કરનાર સંતો-શિબિરાર્થીઓને આશીર્દાન



સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભક્તિ અદા કરનાર શિબિરાર્થીઓને આશીર્દાન



ઉપાસના ધામ, સુરત મંદિરની મૂર્તિઓનાં પાટોત્સવ પૂજન કરતા સંતો



પાટોત્સવ આરતી અર્પણ કરતા સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા



પાટોત્સવ પર્વે અન્નકૂટ અર્ધ્ય અર્પણ



૧૮મા પાટોત્સવ પર્વની મુખ્ય સભામાં સદ્‌ગુરુ સંતોનાં સાંનિધ્યે સમર્પિત સેવકોનાં સન્માન




સંતભગવંત સાહેબજીના દિવ્ય સાંનિધ્યે શ્રી યોગી યુવા ગ્રીષ્મ શિબિર–૨૦૨૫ના શિબિરાર્થીઓ

**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2024-26

* Date of Publication : 14th of each Month

* Date of Posting : 15th of each Month * Posted at: Vallabh Vidhyanagar Post Office

"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-6-2025 * Office of Origin : Vallabh vidhyanagar

Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah

Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat

Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

**If Undelivered Please return to :**

**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345, Dist. Anand, Gujarat, India * Phone : (02692) 230483, 230544**

**email : amindia@anoopam.org * website: www.anoopam.org**